પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૬૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૦-૦૩-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### જે મુદ્દાને લીધે યુદ્ધ થયું તેના પર યુક્રેન ઝૂક્યું

## મને એ સમજાઈ ગયુ છે કે, નાટો અમને તેમના સંગઠનમાં સામેલ કરવા નથી માગતું : યુક્રેનના રાષ્ટ્રપતિ

કીવ,

યુક્રેન પર રશિયાના હુમલાનું એક મોટું કારણ યુક્રેનના યુરોપીય દેશોના સૈન્ય સંગઠન નાટોમાં સામેલ થવાની આકાંક્ષા હતી પરંતુ, હવે યુક્રેનની આ ઈચ્છા દૂર થતી દેખાઈ રહી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું છે કે, તેઓ યુક્રેનના નાટોમાં સામેલ થવાની વાત પર ભાર નથી આપી રહ્યા. ઝેલેન્સ્કીએ સાથે જ એવુ પણ કહ્યું છે કે, રશિયા દ્વારા માન્યતા આપવામાં આવેલા યુક્રેનના બે અલગ ક્ષેત્રો દોનેત્સ્ક અને લુહાંસ્ક પર પણ તેઓ સમજૂતિ કરવા માટે તૈયાર છે.

પુતિને યુક્રેન પર આક્રમણ પહેલા યુક્રેનના આ બે ક્ષેત્રોને સ્વતંત્ર ક્ષેત્રની માન્યતા આપી દીધી હતી. ઝેલેન્સ્કીએ અમેરિકાની ટીવી ચેનલ એબીસીને એક ઈન્ટરવ્યૂ આપ્યું હતું, જેમા તેમણે નાટો , પુતિન અને રશિયા દ્વારા માન્યતા આપવામાં આવેલા યુક્રેનના ક્ષેત્રો પર ખુલીને વાત કરી છે. તેમના આ ઈન્ટરવ્યૂ પરથી લાગે છે કે, હવે ઝેલેન્સ્કી રશિયાની સામે નરમ વલણ અપનાવી રહ્યા છે.



ઝેલેન્સ્કીએ ઈન્ટરવ્યૂ દરમિયાન સ્પષ્ટ કર્યું કે, તેઓ એ વાત પર ભાર નથી આપી રહ્યા કે યુક્રેન નાટોમાં સામેલ થાય. તેમણે નાટો પ્રત્યે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું, મને એ સમજાઈ ગયુ છે કે, નાટો અમને તેમના સંગઠનમાં સામેલ કરવા નથી માગતું. જ્યારે મને એ વાત સમજાઈ ત્યારે મેં નાટોમાં સામેલ થવાના સવાલને પાછળ છોડી દીધો.નાટો વિવાદિત બાબતો અને રશિયાની સાથે ટકરાવથી ખૂબ જ ડરે છે. યુક્રેનના નાટોમાં સામેલ થવા પર સ્થિતિને સ્પષ્ટ કરતા ઝેલેન્સ્કીએ કહ્યું કે, તેઓ એક એવા દેશના રાષ્ટ્રપતિ બનવા નથી માગતા, જે ઘૂંટણીયે પડીને ભીખ માગે છે.

રશિયાનું સ્પષ્ટ કહેવુ છે કે, તેમની કેટલી માગણીઓ છે, જેને યુક્રેન માની લે તો યુક્રેનમાં સૈન્ય કાર્યવાહી જરા પણ વિલંબ કર્યા વિના તરત જ અટકાવી દેવામાં આવશે. રશિયાએ કહ્યું છે કે, યુક્રેન પોતાના સંવિધાનમાં બદલાવ કરીને એ સ્પષ્ટ કરે કે તે કોઈ ગઠબંધનનો હિસ્સો નહીં બનશે. સાથે જ રશિયાની માગ છે કે, યુક્રેન ૨૦૧૪માં રશિયામાં સામેલ પોતાના હિસ્સા ક્રીમિયાને રશિયન ક્ષેત્રની માન્યતા આપે અને દોનેત્સ્ક અને લુહાંસ્કની સ્વતંત્ર ક્ષેત્રની સ્થિતિને પણ માન્યતા આપે.

યુક્રેનના રાષ્ટ્રપતિનું નાટોને લઈને આપવામાં આવેલું નિવેદન ખૂબ જ મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે કારણ કે, રશિયાની સૌથી મોટી સમસ્યા યુક્રેનના દ્રઈ્માં સામેલ થવાની સંભાવનાને લઈને જ છે.નાટો સોવિયત રશિયા સાથે લડવા માટે વર્ષ ૧૯૪૯માં બન્યું હતું. વર્ષ ૧૯૯૧માં સોવિયત રશિયાના વિઘટન બાદ નાર્ટોએ રશિયાના આસપાસના ઘણા અન્ય દેશોને પણ ગઠબંધનમાં સામેલ કરી લીધા, જેને કારણે રશિયામાં નારાજગી વધી. વર્ષ ૨૦૦૮માં નાટો યુક્રેનને પણ ગઠબંધનનો હિસ્સો બનાવી રહ્યું હતું પરંતુ, એવુ ના થઈ શક્યું અને હવે એવુ કહેવાઈ રહ્યું હતું કે, યુક્રેન ટૂંક સમયમાં જ નાટોનો સભ્ય બનવાનું છે જેને લઈને રશિયાની નારાજગી વધી અને તેણે અન્ય ઘણા કારણોનો હવાલો આપતા યુક્રેન પર હુમલો કરી દીધો. રશિયા નાટોના વિસ્તારને એક જોખમના રૂપમાં જોઈ રહ્યું છે.

યુક્રેનના બે ક્ષેત્રો દોનેત્સ્ક અને લુહાંસ્કમાં રશિયા સમર્થિત અલગતાવાદીઓનો કબ્જો છે. વર્ષ ૨૦૧૪થી જ આ ક્ષેત્રોના અલગતાવાદીઓ અને યુક્રેનની સેના વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. રશિયાએ ૨૪ ફેબ્રુઆરીએ યુક્રેન પર હુમલો કરતા પહેલા આ બંને ક્ષેત્રોને સ્વતંત્ર પ્રદેશની માન્યતા આપી દીધી હતી. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન હવે ઈચ્છે છે કે, યુક્રેન પણ આ બંને ક્ષેત્રોની સ્વતંત્રતાને માન્યતા આપે. જ્યારે ઝેલેન્સ્કીને આ બંને ક્ષેત્રો વિશે સવાલ કરવામાં આવ્યો હતો, તો તેમણે કહ્યું કે તેઓ વાતચીત માટે તૈયાર છે. તેમણે કહ્યું, હું સુરક્ષાની ગેરેન્ટી વિશે વાત કરી રહ્યો છું. રશિયા ઉપરાંત, કોઈ અન્ય દેશે આ બે દેશોને માન્યતા નથી આપી. પરંતુ, અમે તેના પર વાતચીત કરી શકીએ છીએ. અમે એ વાત પર સમજૂતિ કરી શકીએ છીએ કે આ બંને ક્ષેત્રો આવનારા સમયમાં કેવા રહેશે.

તેમણે આગળ કહ્યું, મારા માટે એ મહત્ત્વપૂર્ણ છે કે એ ક્ષેત્રોના એવા લોકો કેવા રહેશે જે યુક્રેનનો હિસ્સો બનીને જ રહેવા માગે છે અને યુક્રેનના એ લોકોનું શું જે ઈચ્છે છે કે આ ક્ષેત્ર યુક્રેનનો હિસ્સો બન્યો રહે. આ પ્રશ્ન બંને ક્ષેત્રોને માન્યતા આપવા કરતા અનેકગણો મુશ્કેલ છે. ઝેલેન્સ્કીએ સાથે એવુ પણ કહ્યું કે, રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાચી સૂચના વિનાના બાયો બબલમાં રહી રહ્યા છે, જેમા તેમને સત્ય શું છે તે ખબર નથી. તેમણે કહ્યું, આ એકતરફ અલ્ટીમેટમ છે અને અમે અલ્ટીમેટર માટે તૈયાર નથી. રાષ્ટ્રપતિ પુતિને ઓક્સિજન વિનાના ઈન્ફોર્મેશન બબલમાં રહેવાને બદલે વાતચીત શરૂ કરવાની જરૂર છે.

## વિધાનસભામાં હંગામો : કોંગ્રેસી ધારાસભ્યોએ ‘તડીપાર હાય-હાય’ના નારા લગાવ્યા

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં આજે ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે મચ્યો હતો. આ દરમિયાન કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોએ અમિત શાહના નામનો ઉલ્લેખ કરીને તડીપાર હાય-હાયના નારા ગૃહમાં લગાવ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ રાજ્યની સહકારી ક્ષેત્રની મંડળીઓની સહાય વધારવા અંગેનો પ્રશ્ન પૂછ્યો હતો અને નિવેદન કર્યું હતું કે વડાપ્રધાન મોદીના ક્રાંતિકારી આ નિર્ણયથી હવે ઈક્રમટેક્સનો દુરુપયોગ કરીને લોકોને ડરાવવા-ધમકાવવા માટે આ ઉપયોગ થશે. બીજી તરફ આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે ઊભા થયેલા રાજ્યકક્ષાના મંત્રી જગદીશ પંચાલે નિવેદન કર્યું હતું કે ભૂતકાળમાં કેન્દ્રની કોંગ્રેસ સરકારે મોદીને ભીંસમાં લીધા હતા. એટલું જ નહીં, સીબીઆઈનો દુરુપયોગ કરીને અમિત શાહને જેલમાં નાખ્યા હતા. જોકે ભાજપના મંત્રી જગદીશ પંચાલના આ જવાબથી કોંગ્રેસના સભ્યોએ



વિરોધ ઉઠાવ્યો હતો અને ગૃહમાં હંગામો શરૂ કર્યો હતો.

આ દરમિયાન ઉપનેતા શૈલેષ પરમારે સ્પષ્ટતા કરી હતી કે તમારા ભાજપના મંત્રી વિધાનસભા ગૃહ અને રેકોર્ડ પર ખોટી વિગતો અને માહિતી આપે છે. ખરેખર તો જે સીબીઆઈની વાત કરો છો એ સમયે અમિત શાહને જેલમાં નાખનારી ગુજરાતની ભાજપ સરકારની પોલીસ જ હતી અને તમારી સરકારની પોલીસે તેમને પણ એક્રાઉન્ટર કેસમાં પકડીને જેલમાં નાખ્યા છે. આવું નિવેદન કરતાં ગૃહમાં ફરીથી હંગામો થયો હતો.

પૂરક મંગણીઓ પરની ચર્ચામાં કોંગ્રેસના ધારાસભ્ય અને ઉપનેતા શૈલેષ પરમાર આક્રમક થયાં હતાં. ગુજરાત સરકારે કોરોનામાં મૃત્યુની સહાય ૧ લાખ ૭ હજારને ચૂકવી, જયારે સરકાર સ્વીકારે છે કે માત્ર કોરોનાથી ૧૦૧૧૬ લોકોના જ મોત થયા છે.તો પછી ૫૮૫ કરોડની માંગણી કરી ૫૦ હજારની સહાય કેમ ચૂકવે છે? રાજસ્થાન પંજાબ ઝારખંડ અને છત્તીસગઢની સરકારે વડાપ્રધાન મોદીને પત્ર લખી ૪ લાખની સહાયમાં ૧ લાખ રાજય સરકાર અને ૩ લાખ કેન્દ્ર સરકાર આપે તેવો માંગણી કરતો પત્ર લખ્યો તો ૨૭ વર્ષથી સત્તામાં છો તો તમે ૪ લાખ ચુકવવા પત્ર કેમ ન લખ્યો? જ્યારે ગુજરાતમાં કોરોનાનું રુદ્ર સ્વરૂપ હતું ત્યારે સરકારના અધિકારીઓ વિજય ભાઈ અને નીતિન ભાઈને પરિસ્થિતિનો સાચો રિપોર્ટ કરતા નહોતાં કે સાચી હકીકત જણાવતા નહોતાં. ત્યારે મેં રૂપાણી અને નીતિન ભાઈનું ધ્યાન દોર્યું હતું કે તમારા અધિકારીઓ તમને ગેરમાર્ગે દોરે છે. તે બન્ને માન્યા નહીં અને સ્થિતિ વધુ બગડી.

વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરી દરમિયાન અધવચ્ચેથી પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ હાજરી આપવા આવ્યા હતા. જોકે આ સમયે સામે પ્રેક્ષક ગેલરીમાં બેઠેલા કોંગ્રેસના ધારાસભ્ય પ્રતાપ દૂધાતે ચાલુ ચર્ચામાં એવી બૂમ મારી કે આવો, આવો ભાવિ મુખ્યમંત્રીશ્રી આવો, એવું નિવેદન કરતાં ભાજપના સભ્યો પણ ખિલખિલાટ હસી પડ્યા હતા, જ્યારે નીતિનભાઈ પટેલ અને વિજય રૂપાણી પણ પ્રતાપ દૂધાતની કોમેન્ટ અને ટોનથી આકર્ષિત થયા હતા અને ગૃહમાં જ તમામ ધારાસભ્યો હસી પડ્યા હતા.

## ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો, ક્રૂડ ૧૩૦ ડોલરને પાર

મુંબઇ,

અમેરિકાએ રશિયન તેલની આયાત પર પ્રતિબંધોની જાહેરાત કર્યા બાદ બુધવારે શરૂઆતના વેપારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો ચાલુ રહ્યો હતો. યુએસ પ્રમુખ જો બિડેને મંગળવારે રશિયન તેલ અને અન્ય ઊર્જાની આયાત પર તાત્કાલિક પ્રતિબંધની જાહેરાત કરી હતી, જ્યારે બ્રિટને કહ્યું હતું કે, તે ૨૦૨૨ ના અંત સુધીમાં રશિયન તેલની આયાતને સમાપ્ત કરશે. રશિયા દરરોજ ૪-૫ મિલિયન બેરલ તેલની નિકાસ કરે છે, જેના કારણે રશિયન તેલ પરના પ્રતિબંધોને કારણે સપ્લાય કટોકટીનો ભય ઉભો થયો છે. સાઉદી અરેબિયા પછી રશિયા વિશ્વનો બીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલ નિકાસકાર છે.

આજના વેપારમાં લગભગ સવારે ૮.૪૫ વાગ્યે, ઈન્ટરકોન્ટિનેન્ટલ એક્સચેન્જ પર બ્રેન્ટ ફ્યુચર્સ માટે મે કોન્ટ્રાક્ટ ઈં૧૩૦.૭૦ પ્રતિ બેરલ હતો, જે અગાઉના બંધ કરતાં ૨.૧૩% વધુ હતો. વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ એપ્રિલ કોન્ટ્રાક્ટ NYMEX પર ૧.૬૯% વધીને ઈં૧૨૫.૭૯ પ્રતિ બેરલ થયો હતો. રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો અને સોમવારે તે ઈં૧૩૯.૧૩ની બહુ-વર્ષની ટોચે પહોંચી હતી.

તેલની વધતી કિંમતો ભારત માટે ચિંતાનો વિષય છે કારણ કે ભારત તેની તેલની માંગના ૮૫% આયાત કરે છે. વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધારો થવાથી ઓમાન, દુબઈ અને બ્રેન્ટ ક્રૂડ સહિત ભારતીય ઉર્જા બાસ્કેટમાં વધારો થયો છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ ડેટા અનુસાર, ૭ માર્ચે તે ૧૨૬.૩૨ ડોલર પ્રતિ બેરલ નોંધાયું હતું. જોકે, ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો વધારો હજુ સુધી ગ્રાહકોને ટ્રાન્સફર કરવામાં આવ્યો નથી કારણ કે છૂટક ઈંધણના ભાવ છેલ્લા ચાર મહિનાથી વધુ સમયથી યથાવત છે. રાષ્ટ્રીય રાજધાનીમાં બુધવારે પેટ્રોલની છૂટક કિંમત ૯૫.૪૧ રૂપિયા પ્રતિ લિટર હતી, જ્યારે ડીઝલની કિંમત ૮૬.૬૭ રૂપિયા પ્રતિ લિટર હતી.

## LAC પર વિવાદ ઉકેલવા માટે ભારત-ચીન ફરી ચર્ચા કરશે, ૧૧ માર્ચે વાટાઘાટોનો ૧૫મો તબક્કો

નવીદિલ્હી,

લદ્દાખને લઈને ચીન અને ભારત ફરી એકવાર ચર્ચા કરવા જઈ રહ્યા છે. ૧૧ માર્ચે બંને દેશો વચ્ચે સૈન્ય વાટાઘાટોનો ૧૫મો તબક્કો યોજાશે. જેમાં લદ્દાખ અને LACને લઈને બાકી રહેલા વિવાદો પર ચર્ચા થઈ શકે છે. આ પહેલા ૧૨ જાન્યુઆરીએ કોર્પ્સ કમાન્ડર સ્તરની વાતચીત થઈ હતી. જો કે, આમાં કોઈ નોંધપાત્ર પરિણામ આવ્યું નથી. બંને દેશોએ નિશ્ચિતપણે કહ્યું હતું કે મે ૨૦૨૦થી શરૂ થતા તણાવને ઘટાડવા માટે બંને પક્ષો તરફથી સ્વીકાર્ય ઉકેલ પર વિચાર કરવામાં આવશે.

૧ માર્ચે ચુશુલ મોલ્ડોમાં ભારત અને ચીનના અધિકારીઓ સાથે બેઠક યોજાવાની છે. જણાવી દઈએ કે એલએસી પર ઘર્ષણ બિંદુ પર બે છૂટાછેડા પછી પણ બંને દેશોએ ભારે સૈન્ય બળ તૈનાત કર્યું છે. ગલવાન, પેંગોંગ અને ગોગરા હાઇટ્સ સહિત અહીં લગભગ ૫૦ થી ૬૦ હજાર સૈનિકો તૈનાત છે.

એક અધિકારીએ કહ્યું, ‘બંને દેશો બાકી રહેલા ઘર્ષણ વિસ્તારમાં ઉકેલ શોધવાનો પ્રયાસ કરશે. તાજેતરમાં ચીન તરફથી જે પ્રતિસાદ મળ્યો છે તે સકારાત્મક છે. એવું લાગે છે કે તે પણ કોઈ નિષ્કર્ષ તરફ આગળ વધવા માંગે છે.હ્ર તાજેતરની વાટાઘાટોમાં, પેટ્રોલ પોઈન્ટ ૧૫ પર ડિસએન્જિંગ વિશે વાત કરવામાં આવી હતી, જે પછીથી અનુસરવામાં આવી હતી.

આપને જણાવી દઈએ કે, ડેપસાંગમાં પીએલએની હાજરીને કારણે ભારતીય સેનાનું પેટ્રોલિંગ અવરોધાય છે. જેના કારણે ભારતીય સેના પીપી ૧૦, ૧૧, ૧૧એ, ૧૨ અને ૧૩ સુધી પહોંચી શકી નથી. તેમણે કહ્યું, “જો આપણે બંને યુક્રેનિયન યુદ્ધમાંથી બોધપાઠ લઈએ, તો ટૂંક સમયમાં તણાવ ઓછો થવો જોઈએ.” તણાવનું પરિણામ સારું નથી. ચીને આ વાત સમજવાની જરૂર છે.

## આઠમા ધોરણની છાત્રા સાથે છ યુવકોએ ગેંગરેપ કર્યો

લોહરદંગા,

ઝારખંડમાં એક સગીર છાત્રાની સાથ છ યુવકોએ મળી ગેંગરેપ કર્યો હોવાનો સામને આવ્યો છે.લોહરદંગા જીલ્લાના ભંડરા પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં આ ઘટના બની હતી પોલીસે ઘટનામાં સામેલ પાંચ લોકોની ધરપકડ કરી છે જયારે એક આરોપી ફરાર છે.ધરપકડ કરવામાં આવેલ આરોપીઓમાં યુવકીનો પ્રેમી પણ સામેલ છે ભંડરા પોલીસ સ્ટેશનમાં બે મહીનાની અંદર ગેંગરેપનો આ બીજો મામલો છે.

ભંડરા પોલીસ સ્ટેશનના એમઆઇ નવિતા કુમારીએ કહ્યું છે છ માર્ચે યુવકના ગામમાં એક વિવાહ સમારોહ હતો.તેમણે સમારોહમાં સામેલ થવા પીડિતાને તેના પ્રેમીએ બોલાવી હતી લગ્ન સમારોહની વચ્ચે તે પોતાના પ્રેમી સાથે કયાંક ગઈ ખુબ સમય બાદ જયારે બંન્ને જોવા ન મળ્યા તો તેના મોટાભાઈએ તેની શોધ શરૂ કરી લગ્નમાં હાજર કેટલાક યુવકો પણ યુવતીને શોધવા નિકળ્યા.

આ દરમિયાન ગામથી થોડે દુર એક અર્ધનિર્મિત ભવનમાં બંન્ને મળી ગયા યુવકોએ યુવતીનો વીડિયો બનાવ્યો અને તેના દોસ્તને ડરાવી ધમકાવી ભગાડી દીધો અને ત્યારબાદ પાંચ યુવકોએ તેના પર રેપ કર્યો આ અંગેની જાણ યુવતીના પ્રેમીએ વિવાહ સમારોહમાં પહોંચી ઘટનાની જાણ કરી ત્યાં સુધી આરોપીઓ ભાગી ગયા હતાં. સાત માર્ચે પીડિતા સંબંધીઓની સાથે પોલીસ સ્ટેશનમાં પહોંચી હતી અને આરોપીઓની વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરાવી.

આરોપીઓમાંથી ત્રણ લોકો પીડિતાના ગામના જ હતાં જયારે બાકીના કુડૂ પોલીસ સ્ટેશન વિસ્તારના છે.તેમાંથી હાલ ફરાર છે.પોલીસે પાંચ આરોપીઓને તેમના ઘરેથી પકડી પાડયા જેમાં એક સાળો બનેવી પણ છે.

એ યાદ રહે કે ભંડારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ ૧૯ જાન્યુઆરીએ લગ્ન સમારોહમાં સામેલ થઈ સગીરની સાથે ૧૦ લોકોએ ગેંગરેપ કર્યો હતો. પોલીસે તમામ આરોપીઓને પકડીને જેલમાં ધકેલી દીધા હતાં.

## રાજયમાં ૧૯ હજાર સરકારી સ્કૂલોમાં ઓરડા નથી

ગાંધીનગર,

ગુજરાતની પ્રાથમિક શાળાની સ્થિતિ બદથી બદતર થઈ રહી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યની સરકારી પ્રાથમિક શાળામાં ૧૮ હજાર ૫૩૭ ઓરડાની ઘટ હતી અને જે હવે વધીને ૧૯ હજાર ૧૨૮ થઈ ગઈ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યમાં માત્ર ૯૭૨ ઓરડાઓ જ બનાવવામાં આવ્યા હતા. તે ઉપરાંત રાજ્યની ૨૩ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિજળીની પાયાની સુવિધા જ ઉપલબ્ધ નથી. રાજ્યમાં ૫ હજાર ૪૩૯ સરકારી પ્રાથમિક શાળાઓ અને ૨૭૨ ખાનગી પ્રાથમિક શાળાઓમાં કંપાઉન્ડ વોલ પણ નથી.




વિધાનસભામાં સુરત ઉત્તરના ભાજપના ધારાસભ્ય કાંતિભાઈ બલરે શિક્ષણમંત્રીને સવાલ પૂછ્યો હતો તેના જવાબમાં શિક્ષણ મંત્રીએ કહ્યું કે રાજ્યમાં ૩૩ જિલ્લા, ૨૫૪ બ્લોક, ૩૨૪૭ કલસ્ટરમાં અંદાજિત ૩૫ હજાર ૧૩૩ જેટલી ધોરણ ૧થી ૧૨ની સરકારી સ્કૂલો છે. આ સ્કૂલો પૈકી ૫૦ ટકા સ્કૂલો એટલે કે ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી તમામ સરકારી સ્કૂલોને આગામી પાંચ વર્ષમાં મિશન સ્કૂલ ઓફ એક્સેલેન્સ તરીકે વિકસાવવામાં આવેશે. જેમાં રાજ્યમાં સરકારી સ્કૂલના ૯૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓને લાભ થશે.

શિક્ષણમંત્રીએ લેખિત જવાબમાં કહ્યું હતું કે, સ્કૂલ ઓફ એક્સેલેન્સ અંતર્ગત તમામ સ્કૂલોને ભૌતિક અને ડિઝિટલ માળખા ગત સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. આ સ્કૂલોમાં ભણતા દરેક વિદ્યાર્થીને વૈશ્વિક સ્તરનું શિક્ષણ મળશે. આ પ્રોજેક્ટનું અમલીકરણનું મોનિટરિંગ ગાંધીનગરના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરથી કરવામાં આવશે.ભારત સરકારની NEP ૨૦૨૦ અનુસાર સ્કૂલ ઓફ એક્સેલેન્સ થકી રાજ્યની સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓ ૨૧મી સદીના કૌશલ્યો સાથે ભવિષ્યલક્ષી શિક્ષણ મેળવી શકશે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તમ દેખાવ કરી શકશે.

## મહુવામાં રાજ્યકક્ષાના મંત્રીના પુત્રનો ફાયરિંગ કરતો વીડિયો વાયરલ

ભાવનગર,

ગુજરાતમાં અવાર-નવાર હવામાં ફાયરિંગની ઘટનાઓ બનતી રહે છે અને સોશિયલ મીડિયામાં પર હવામાં ફાયરિંગના વીડિયો વાયરલ થતાં રહે છે. ત્યારે આવામાં વધુ એક હવામાં ફાયરિંગ કરતો વીડિયો સામે આવ્યો છે. રાજ્યના મંત્રીના પુત્રનો ફાયરિંગકરતો વીડિયો વાયરલ થતા અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. ભાવનગરના મહુવાના ધારાસભ્ય અને મંત્રી આર.સી.મકવાણાના પુત્ર અમિત મકવાણા સિક્યુરીટી ગાર્ડના હથિયારથી હવામાં ફાયરિંગ કરતો હોય તેવો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. મંત્રી આર.સી મકવાણાના પુત્રએ જાહેરમાં ખુલ્લેઆમ પિતાના સિક્યોરિટી ગાર્ડના હથિયારનો ઉપયોગ કર્યો હતો. જે સરકારી મિલકત છે. શું નેતાઓને પોતાની સિક્યુરિટી માટે અપાયેલા હથિયારનો આ રીતે ઉપયોગ કરવાનો હોય છે. આ મામલે મંત્રીજીના પુત્ર સામે લોકોએ સોશિયલ મીડિયામાં રોષ ઠાલવ્યો હતો. જાહેરમાં હથીયારનો ઉપયોગ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી થશે કે કેમ? તેવો લોકો સવાલ ઉઠાવી રહ્યા છે. લોકો કહી હય છે કે, શું ભાજપના મંત્રીનો પુત્ર હોવાથી હવામાં ફાયરિંગ કરવું શું કોઈ કાયદાનો



ભંગ નથી થતો. જોકે, મંત્રી પુત્ર દ્વારા હવામાં ફાયરિંગ નો વાયરલ વીડિયોની મંતવ્ય ન્યૂઝ પુષ્ટિ નથી કરતુ. થોડા દિવસ પહેલા પણ અંગલેશ્વરમાં ફાયરિંગનો વીડિયો વાયરલ થયો હતો. જેમા કાપોદ્રા વિસ્તારમાં રાત્રે એક લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રેરિત હિન્દુ ધર્મ સેના, અખિલ ભારતીય સંત સમિતિ અને તૃષિકુલ ગોધામ દ્વારા યોજાયેલા શાકોત્સવ કાર્યક્રમમાં લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકડાયરામાં સ્થાનિકો સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આ પ્રસંગે અહીં નોટોનો વરસાદ પણ થયો હતો.

## સોશલ મીડિયાની અશ્લીલ સમાગ્રીથી પ્રદેશમાં દુષ્કર્મની ઘટના વધી રહી છે : રાજસ્થાનના મંત્રી

રાજસ્થાન વિધાનસભામાં પ્રદેશની બગડતી કાયદો વ્યવસ્થાનો મુદ્દો ઉઠાવ્યો હતો ભાજપે ગહલોત સરકારને કાયદો વ્યવસ્થાના મુદ્દા પર ગૃહમાં ભારે ઘેરી હતી.વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાએ કહ્યું કે પ્રદેશમાં દુષ્કર્મની ઘટનાો પર રોક લગાવી રહી નથી દેશમાં સૌથી વધુ દુષ્કર્મની ઘટનાઓ રાજસ્થાનમાં થઈ રહી છે.વધતી દુષ્કર્મની ઘટનાઓ પ્રદેશના માથા પર કલંક છે.રાજય સરકાર પોતાની નિષ્ફળતા છુપાવી રહી છે.દુષ્કર્મની ઘટનાઓને રોકવા માટે રાજય સરકાર ગંભીર નથી. વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા કટારિયાના સવાલના જવાબમાં સંસદીય કાર્યમંત્રી શાંતિ ધારીવાલે વિધાનસભામાં કહ્યું કે સોશલ મીડિયાની અશ્લીલ સામગ્રીથી પ્રદેશમાં દુષ્કર્મની ઘટનાઓ વધી રહી છે.તેમણે કહ્યું કે ત્રણ વર્ષમાં બાળકીઓ સાથે દુષ્કર્મના ૫૭૯૩ મામલા દાખલ થયા છે રેપના આરોપમાં ૬૬૨૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જયારે ૧૨૯ મામલામાં ૩૯૩ આરોપીઓને કોર્ટથી સજા



થઈ.૪૬૩૧ મામલામાં અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.તેમણે કહ્યું કે પ્રદેશમાં પોકસો કોર્ટની સંખ્યા ૫૪ છે તેની સંખ્યા વધી તો સજાના મામલામાં પણ વધારો થશે. ધારીવાલે કહ્યું કે સોશલ મીડિયા પર અશ્લીલ સામગ્રી પિરસવામાં આવી રહી છે તેને કારણે દુષ્કર્મની ઘટનાઓને પ્રોત્સાહન મળી રહ્યું છે ધારીવાલે વિધાનસભામાં વિરોધ પક્ષી સભ્યોને આશ્વાસન આપ્યું કે રાજય સરકાર બાળકીઓ સાથે દુષ્કર્મના આરોપીઓને સજા અપાવવાનો પુરો પ્રયાસ કરી રહી છે.બાળકીઓથી દુષ્કર્મની ઘટનાઓને રોકવા માટે સરકાર ગંભીર છે રાજસ્થાન પબ્લિક સેફટી બિલ પાસ થવા પર અધિસૂચિત ક્ષેત્રમાં સીસીટીવી લગાવવાનું અનિવાર્ય થશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શેખ જે. એમ.

મુ. માખલીયા, તા.લુણાવાડા, જી. મહીસાગર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શેખ આઈ. એમ.

મુ. નવી સીગનલી, તા.લુણાવાડા, જી. મહીસાગર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના નાગરીકોને માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા અપીલ

લુણાવાડા,
ગુજરાત સરકાર દ્વારા સ્વરોજગાર ઉભા કરવા માટે તા ૧૧/૦૯/૧૯૯૫ થી માનવ કલ્યાણ યોજના બહાર પાડવામાં આવેલ છે. સદર યોજના હેઠળ મહીસાગર જિલલાના ગરીબી રેખાની નીચે આવતાં અરજદારો/ કારીગરોની આર્થીક સ્થિતિ સુધારવા માટે આવક અને સ્વરોજગાર ઉભા કરવા માટે સાધનો/ ઓજારો આપવામાં આવે છે. આમાં બ્યુટી પાર્લર, પ્લમ્બર, મસાલા મીલ, દરજીકામ, કડીયાકામ, સુથારીકામ વગેરે જેવી ૨૭ પ્રકારની કિટ્સનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર યોજનામાં લાભ લેવા માટે બી.પી.એલ. લાભાર્થીને પ્રાધાન્ય આપવામાં આવશે. તથા અરજદારના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧૨૦૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧૫૦૦૦૦/- સુધી હોવી જોઈએ. આ યોજના અંતર્ગત લાભ મેળવવા માટે અરજદારઓ માટે e-kutir પોર્ટલ પર https://e-kutir.gujarat.gov.in/ લિંક પર જઈ માનવ કલ્યાણ યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન કરી વિગતો ભરી, ડોક્યુમેન્ટ સ્કેન કરી અપલોડ કરી પોતાની અરજી તા.૧૫/૦૩/૨૦૨૨ થી તા.૧૫/૦૫/૨૦૨૨ સુધીમાં ઓનલાઈન કરાવાની રહેશે.વધુ વિગતો માટે કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગની વેબ સાઈટ http://www.cottage.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે. તેમ મદદનીશ ઉદ્યોગ કમિશ્નર અને જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મહિસાગરની એક અખબારીયાદીમાં જણાવાયું છે.




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

પશ્ચિમાંચલ હિન્દી પ્રચાર સમિતિ, વડોદરા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના પ્રોફેસર ડો માલિની ગૌતમને હિન્દીના પ્રચાર ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ ''હિન્દી મનીષા'' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમજ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પણ ડો.માલિની ગૌતમે ''રાષ્ટ્ર નિર્માણમાં સ્ત્રીઓનું યોગદાન'' વિષય પર પ્રેરક ઉદબોધન કર્યું હતું.

# લુણાવાડાના ૬૨ ગામના પટેલિયા જ્ઞાતિને અનુસુચિત જનજાતિના દાખલા ન મળતા આવેદન આપ્યુ

લુણાવાડા,
લુણાવાડા તાલુકાના પટેલિયા જ્ઞાતિ ધરાવતા કુલ ૬૨ જેટલા ગામોને છેલ્લા ૮ વર્ષથી અનુ.જન જાતિના દાખલા મળતા નથી જેના કારણે સમાજના યુવા વર્ગો દાખલાથી વંચિત છે. તેમના બાપદાદાઓ પાસે જાતિના દાખલા છે ત્યારે સરકારની ગાઈડલાઈન મુજબ તમામ પુરાવા હોવા છતાં પણ અધિકારીઓને તમામ પુરાવા આપવા છતાં પણ પટેલિયા સમાજના યુવાનો અને જેમના બાપદાદા આદિવાસી હોવા છતાં પણ આદિવાસીના દાખલાથી વંચિત છે જેના કારણે યુવાવર્ગને ખુબ મોટી મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. સમાજ સાથે જોડાયેલ હોવા છતાં પણ સમાજના લાભોથી વંચિત રહેતા પટેલિયા સમાજ દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે તેમજ મહિસાગર જિલ્લાના અધિકારીઓ દાખલા માટે જે પણ લખાણ માંગે છે જે પુરાવા માંગે છે તે આપવા છતાં પણ તેઓ બાળકોને ગેરમાર્ગે દોરી દાખલા ન મળે તેવા કિમીયાઓ કરતા હોવાના આક્ષેપ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

૧૯૬૦થી ૨૦૧૪ સુધી પટેલિયા સમાજને દાખલા મળતા હતા જે કયા કારણોસર નથી આપવામાં આવતા અને કેમ નથી મળતા તે માટે ૨૦૦થી વધુ લોકોએ ભેગા મળીને કલેકટરને ન્યાય માટે રજુઆત કરી છે અને ૧૯ માર્ચ સુધીમાં ન્યાય નહિ મળે તો ૨૧ માર્ચના રોજ કલેકટર કચેરી ખાતે ધરણા કરી ઉપવાસ કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# મલેકપુર નજીક સંઘરી પ્રા.શાળાને અડીને આવેલ વાસ્મો યોજનાની જર્જરિત ટાંકી ઉપયોગમાં લેવાતા જીવનુ જોખમ

મલેકપુર,
મલેકપુરથી ૬ કિ.મી.દુર આવેલ સંઘરી પ્રા.શાળાને અડીને આવેલી વાસ્મો યોજનાની જર્જરિત પાણીની ટાંકી નલ સે જલ યોજના માટે ઉપયોગમાં લેવામાં આવતા નાના ભુલકાઓના જીવનુ જોખમ મુકાય તેવી પરિસ્થિતિનુ નિર્માણ કરતા વાસ્મો અધિકારીઓ અને ઠેકેદાર સામે રોષ જોવા મળ્યો હતો.

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના સંઘરી ગામે રૂ.૭૬ લાખના ખર્ચે વર્ષ-૨૦૧૫ વાસ્મો યોજના અંતર્ગત સંઘરી પ્રા.શાળાને અડીને પાણીની ટાંકી બનાવી હતી. ત્યારે જે ટાંકી માપદંડ અને ગુણવત્તા વગરની કામગીરીને પગલે બિનઉપયોગી સાબિત થઈ હતી. તે જ ટાંકીને હાલમાં નલ સે જલ યોજના અંતર્ગત અધિકારીઓ અને ઠેકેદાર દ્વારા રૂપિયા બચાવવાની લાલચ અને ગામમાં પાણી પહોંચાડી અને ઉતાવળમાં આ જર્જરિત ટાંકીમાં પાણી ભરવામાં આવ્યુ હતુ ત્યારે પાણી ભરતાની સાથે જ તેમાં ભરેલુ પાણી લીકેજ થતુ દેખાઈ રહ્યુ હતુ ત્યારે વાસ્મો અધિકારીઓ આ બાબતે જાણવા છતા કોઈ પગલા લેવામાં આવતા નથી.

# પંચમહાલમાં ગુજરાત પોલીસ કેડેટએ ગુલાબફૂલ આપી ટ્રાફિક નિયમનું પાલન કરવા સમજાવ્યા

ગોધરા,
પંચમહાલ જીલ્લા સુરક્ષા સોસાયટી અંતર્ગત કાંકણપુર પોલીસ સ્ટેશન અને રતનપુર(કાં) પ્રાથમિક શાળાના સ્ટુડટ પોલીસ કેડેટ એ ૬૧- ચોકડી ઉપર ચાર રસ્તા ઉપર વાહન ચાલકોને ગુલાબફૂલ આપીને ટ્રાફિક નિયમનું પાલન કરવા સમજાવ્યા હતા. બાળકો ગણવેશ પહેરીને અમદાવાદ-ઈન્દોર હાઈવે પર આવતા જતા વાહન ચાલક ને ટ્રાફિક ના નિયમ હિમાયત કરી હતી. વાહનની સાથે પી.યુ.સી., ડ્રાઈવીગ લાઈસન્સ,અને સીટ બેલ્ટ લાગવા માટે અપીલ કરી હતી. ટ્રાફિકના નિયમો હવે કડક પણે અમલ કરવા માટે દંડની રકમમાં તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. ત્યારે જરૂરી



દસ્તાવેજ સાથે રાખી દંડ ભરવો પડે તેના કરતાં સાવચેત રહેવા માટે S.P.C.બાળકો દ્વારા સલાહ આપી હતી. તેમજ કાંકણપુર પોલીસ સ્ટેશનની ફિલ્ડ વિઝીટ કરીને પોલીસ સ્ટેશન ચાલતા અલગ અલગ વિભાગ તમામ પ્રકારની કેસ, જેલ, ગુના, કલમો, સજા, રાઈફલ, ગોળી, બોંબ વગેરે માહિતી રૂચિકાબેને આપી હતી. તેમજ કાકણપુર ચોકડી પાસે ફ્રુટ લારી ચલાવતા ભોઈ રમેશભાઈ બાળકોને દ્રાક્ષ મફતમાં ૨ કિલો પણ વધારે આપીને ખુશી વ્યકત કરી સમગ્ર કાર્યક્રમનું આયોજન કાંકણપુર પોલીસ સ્ટેશન પી.આઈ.એચ.એન.પટેલ તેમજ સુનિલભાઈ દરજી અને પરેશ.એન સુથાર. તેમજ પોલીસ સ્ટેશનમાં કર્મચારી દ્વારા કરવામાં આવ્યું. શાળાના આચાર્ય ભરતભાઈ પટેલ, ગોકળભાઈ પરમાર.પી.આઈ. S.P.C બાળકોને હાર્દીકઅભિનંદન પાઠવ્યા હતા. તમામ કાયદાઓનું પાલન કરવા ભવિષ્યમાં સારા નાગરિક બનીને દેશ, સમાજ, શાળા, ગામ, જિલ્લાનું નામ રોશન કરવા અપીલ કરી હતી.

# શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી ગોધરાના ગુજરાતી વિભાગ દ્વારા યોજાયું વિશ્વ મહિલા દિવસે કવયિત્રી સંમેલન

ગોધરા,
પંચમહાલ જિલ્લના ગોધરા ખાતે આવેલ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના ગુજરાતી વિભાગ દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે કવયિત્રી સંમેલન યોજાઈ ગયું. સાચી ધરતી, સાચી ધરતી પુત્રીઓ,સાચી મહેક, સાચી કવયિત્રીઓ અને એવું જ સાચ્ચું કવયિત્રી સંમેલન જે ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે યોજાઈ ગયું. બપોરે ૨:૩૦ કલાકે ગુજરાતી વિભાગ અને સમાજશાસ્ત્ર વિભાગના સયુકત ઉપક્રમે વિશ્વ મહિલાદિન સંદર્ભે શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરાના કુલસચિવ ડો.અનિલભાઈ સોલંકીના અધ્યક્ષપદે, પોલીટેક્નિકના



આચાર્યમાં ડો.જે.વી. ભોલન્દા ના અતિથિવિશેષ પદે પંચમહાલની વિખ્યાત કાવયિત્રીઓ સર્વ ગાયત્રીબેન ભટ્ટ, ડો.વિભાબેન ઠાકર, પૂર્ણિમાબેન ભટ્ટ, ઝલકબેન પટેલ અને જીબીશા પરમારના સથવારે કવયિત્રી સંમેલન સંપન્ન થયું. અને એક સાચો ઈતિહાસ રચાઈ ગયો હોવાનું ઉપસ્થિતિ રસીકોએ મહેસુસ કર્યું હતું.

ગુજરાતી વિભાગના કો.ઓર્ડીનેટર ડો.જે.એન. શાસ્ત્રીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ડો. જે.વી. ભોલંદા અને ડો.જે.પી.પટેલે પ્રાસંગિક વકતવ્ય આપ્યાં હતાં. ગુજરાતી વિભાગના વીઝીટીંગ ટીચર ડો.ભાવિની પંડયાએ સંચાલન, અનિતા બારીયાએ આભારવિધિ અને પી એચ ડી શોધાર્થી કિન્નરી પ્રજાપતિએ પ્રતિભાવ વ્યકત કર્યાં હતાં. ગુજરાતી અને સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ કાવયિત્રીઓનાં અદભુત કાવ્યપાઠનો અનહદ આનંદ માણી તેમને બિરદાવ્યાં હતાં.

# સેબીએ સરકારની માલિકીની વીમા કંપની એલઆઈસી આઈપીઓના ડ્રાફ્ટને મંજૂરી આપી

મુંબઈ,
માર્કેટ્સ રેગ્યુલેટર સેબીએ સરકારની માલિકીની વીમા કંપની એલઆઈસી આઈપીઓના ડ્રાફ્ટને મંજૂરી આપી દીધી છે. સેબીની આ મંજૂરી ડ્રાફ્ટ સોંપ્યાના ૨૨ દિવસની અંદર આવી છે. અગાઉ, સેબીએ કોઈપણ આઈપીઓના ડ્રાફ્ટને આટલી ઝડપથી મંજૂરી આપી ન હતી. સેબીની મંજુરીથી એલઆઈસી આઈપીઓ મુલતવી રાખવાને બદલે ટૂંક સમયમાં લોન્ચ થવા જઈ રહ્યો હોવાના પણ સંકેતો મળી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સેબીએ ડ્રાફ્ટને મંજૂરી આપી છે અને એક અવલોકન પત્ર જારી કર્યો છે. આ સાથે માર્કેટમાં એલઆઈસી આઈપીઓ લાવવાનો રસ્તો સાફ થઈ ગયો છે. સરકારી વીમા કંપનીએ ફેબ્રુઆરીમા આઈપીઓનો ડ્રાફ્ટ સેબીને સુપરત કર્યો હતો. સેબીને એલઆઈસી આઈપીઓના ડ્રાફ્ટને ૩ અઠવાડિયામાં




મંજૂર કરવાનું કામ પૂર્ણ કરવાનું કહેવામાં આવ્યું હતું. સામાન્ય રીતે સેબીને આ કામ કરવામાં મહિનાઓ લાગે છે. એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે માર્કેટ રેગ્યુલેટર માર્ચના પ્રથમ સપ્તાહમાં ડ્રાફ્ટ ક્લિયર કરી શકે છે. જો કે, બાદમાં એવા અહેવાલો પણ આવ્યા હતા કે રશિયા-યુક્રેન યુદ્ધની વચ્ચે શેરબજારની કથળેલી હાલતને કારણે સરકાર એલઆઈસી આઈપીઓને હાલ પૂરતું મુલતવી રાખી શકે છે.

આઈપીઓ ડ્રાફ્ટ અનુસાર, એલઆઈસી પાસે કુલ ૬૩૨ કરોડ શેર હશે, જેમાંથી લગભગ ૩૧૬ કરોડ શેર આઈપીઓમાં વેચવામાં આવશે. આ આઈપીઓમાં એલઆઈસીના પોલિસી ધારકો માટે એક અલગ ભાગ આરક્ષિત રાખવામાં આવ્યો છે. ડ્રાફ્ટમાં, એલઆઈસીના પોલિસીધારકો માટે ૧૦ ટકા અથવા લગભગ ૩.૧૬ કરોડ શેર અનામત રાખવાની દરખાસ્ત કરવામાં આવી છે. આમાં, ૫૦ ટકા શેર કયુઆઈબી માટે આરક્ષિત રહેશે, જ્યારે ૧૫ ટકા બિન-સંસ્થાકીય રોકાણકારો માટે અલગ રાખવામાં આવશે.

પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે આ આઈપીઓ દ્વારા સરકાર એલઆઈસીમાં તેની ૧૦ ટકા હિસ્સેદારી વેચી શકે છે. જો આવું થયું હોત તો આઈપીઓનું કદ રૂ. ૧ લાખ કરોડને પણ વટાવી શક્યું હોત. આટલા મોટા કદના કારણે બજાર તેને યોગ્ય રીતે પચાવી ન શકે તેવી આશંકા ઉભી થવા લાગી હતી. આ કારણસર સરકાર માત્ર ૫ ટકા હિસ્સો વેચવા જઈ રહી છે. સરકાર આ આઈપીઓ દ્વારા ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધુ એકત્ર કરવાનો પ્રયાસ કરી રહી છે. કદમાં ઘટાડો કર્યા પછી પણ તે ભારતના ઈતિહાસનો સૌથી મોટો આઈપીઓ બનવા જઈ રહ્યો છે.

# મોરા શ્રી જે.આર. દેસાઈ સ્કુલના વિદ્યાર્થી રાજયકક્ષા અંડર-૧૧ એથ્લેટીક સ્પર્ધામાં ક્રમાંક મેળવ્યો



મોરા,
આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સીટીના વિદ્યાનિકેતન વિભાગ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ ઉપક્રમે સીધી રાજય કક્ષાની અંડર-૧૧ એથ્લેટિક મીટ દ્વારા આયોજિત સ્પર્ધામાં તા.૦૮/૦૩/૨૦૨૨ ના રોજ જે. આર. દેસાઈ સ્કુલ-મોરામાં ધોરણ-૬માં અભ્યાસ કરતા ચારેલ રાહુલ નાહટાભાઈ મેડિસિન બોલમાં પ્રથમ ક્રમાંકે, ભુરીયા દેવરાજ દિપસિંગભાઈ ટેનિસ બોલમાં તૃતીય ક્રમાંકે, ડામોર તૃપ્તિબેન દેવાભાઈ ૬૦-મીટર દોડમાં તૃતીય ક્રમાંક મેળવી શાળા પરિવાર અને સમગ્ર મોરાનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત બાળ વિકાસ મંડળ-મોરાના પ્રમુખ પુરણકુમાર જે. દેસાઈ દ્વારા ખેલાડીને શાળા કક્ષાએ સન્માનીત કરવામાં આવ્યા તેમજ સમગ્ર શાળાના ઉક્જ્જ વિભાગના કોચ, ટ્રેનર, શિક્ષણગણ દ્વારા અભિનંદન પાઠવી ખેલાડીઓને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવ્યું. તદુપરાંત સંકુલના કેમ્પસ ડાયરેકટર દિનેશ સુરેશ ભદાણે દ્વારા ખેલાડીઓને શુભેચ્છા પાઠવવામાં આવી. શાળાના આચાર્ય પંકજભાઈ આર. પટેલ દ્વારા તમામ ખેલાડીઓ અને શાળાના વિદ્યાર્થીઓને સ્પર્ધામાં ભાગ લેવા આહવાન કરવામાં આવ્યું.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : માનસિક શાંતિનો અહેસાસ થશે, આજે ખર્ચનું પ્રમાણ અધિક જણાશે, નોકરીમાં પ્રગતિ જણાશે,માતાના આશીર્વાદથી ધનપ્રાપ્તિ થાય.

વૃષભ (બ.વ.ઉ.) : માનસિક પરેશાની જણાશે, કામમાં વધારે મહેનત કરવી પડશે, ધંધામાં સામાન્ય ફાયદો જણાશે, નાણાકીય તંગી અનુભવશો.

મિથુન (ક.છ.ઘ.) : કરેલો પુરુષાર્થ ફળદાયી બનશે, મોટા માણસોની ઓળખાણથી લાભ થાય, પરેશાનીઓમાંથી મુક્તિ મળે, ધંધામાં નવી આવક મળે.

કર્ક (ડ.હ.) : નવા કામકાજથી લાભ થાય, નજીકના સંબંધીથી સહયોગ મળશે, પ્રમોશન અથવા પગાર વધારાની તકો મળે, ધંધાકીય આવકમાં વધારો જણાશે.

સિંહ (મ.ટ.) : કામકાજમાં વ્યવહારું બનો, ધીરજથી કામની શરૂઆત કરવી, પરિવારમાં વૈચારિક મતભેદ રહેશે, માનસિક તનાવ જણાય.

કન્યા (પ.ઠ.ણ.) : કામની સફળતા માટે સંઘર્ષ કરવો પડે, સ્વજનોથી પરેશાની રહેવા સંભવ છે, સંતાનોથી સારો લાભ જણાશે, નાના-મોટા રોકાણ માટે સાચવવું.

તુલા (ર.ત.) : અગત્યના કામને પ્રાધાન્ય આપો, રોજગાર માટે નવી તકો વિચારો, બુદ્ધિ શક્તિનો ઉપયોગ કરી શકો, મહેનત કરશો તો સારું ફળ મળશે.

વૃશ્ચિક (ન.ય.) : કરજમાંથી મુક્તિ અથવા રાહત મળે, શેરબજારમાં સારો લાભ થશે., વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે, યાત્રા-પ્રવાસના કામથી લાભ થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.) : સંતાન વિષયક તકલીફ જણાય, મહત્વના કામમાં વિલંબ સૂચવાય, સ્વાસ્થ્ય બાબતે સાચવવું, વ્યવસાયમાં નવી તકો મળશે.

મકર (ખ.જ.) : ધાર્મિક કામકાજમાં રુચિ વધે, માનસિક બેચેની રહ્યા કરે, નોકરીયાત વર્ગને ખર્ચમાં વધારો થશે, ઘરમાં સામાન્ય અશાંતિ જણાય.

કુંભ (ગ.શ.ષ.સ.) : આવડતના ઉપયોગથી લાભ થાય, આર્થિક બાબતેમાં નવી તકો મળે, ધારેલા કામકાજમાં સફળતા મળે, વડીલો સાથે વૈચારિક અસમાનતા રહે.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક અશાંતિ અનુભવશો, ધન સંબંધી ચિંતા અનુભવશો, ભાગીદારીવાળા કામમાં સાચવીને કામ કરવું, કામના પ્રમાણમાં ઓછું ફળ મળશે.

# રાજ્યમાં ૩.૪૬ લાખ શિક્ષિત બેરોજગાર નોંધાયા છે : જેમાં ૧૭૮૧૬ અર્ધ શિક્ષિત બેરોજગારો

ગાંધીનગર,
ગુજરાત રોજગારી આપવામાં દેશમાં અવ્વલ છે તેવા દાવા અત્યાર સુધી ગુજરાત સરકાર દ્વારા કરાતા હતા. ત્યારે આ દાવાને પોકળ સાબિત કરતા આંકડા સામે આવ્યા છે. વિધાનસભા ગૃહમાં ખુદ સરકાર દ્વારા આ આંકડા આપવામાં આવ્યા છે કે, રાજ્યમાં ૩.૪૬ લાખ શિક્ષિત બેરોજગાર નોંધાયા છે. જેમાં ૧૭૮૧૬ અર્ધ શિક્ષિત બેરોજગારો નોંધાયા છે. રાજ્યમાં આટલી મોટી સંખ્યામાં બેરોજગારો હોવા છતા સરકારી નોકરીની ખાલી જગ્યાઓ ભરવામાં પણ સરકારને કોઈ રસ નથી. છેલ્લા ૨ વર્ષમાં માત્ર ૧૨૭૮ બેરોજગારોને સરકારી નોકરી મળી છે. ભરૂચ, નર્મદા, તાપી સહિત ૧૬ જિલ્લામાં એક પણ સરકારી નોકરી મળી નથી.

વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્યોએ પૂછેલા સંકલિત પ્રશ્નોમાં સરકાર દ્વારા લેખિત જવાબ અપાયો હતો. જેમાં ગુજરાતમાં બેરોજગારોનો મોટો આંકડો સામે આવ્યો છે. સરકારે ગૃહમાં સ્વીકાર્યુ કે, રાજ્યમાં ૩.૪૬ લાખ શિક્ષિત બેરોજગાર નોંધાયા છે. જેમાં ૧૭૮૧૬ અર્ધ શિક્ષિત બેરોજગારો છે. સૌથી વધુ બેરોજગારો વડોદરા જિલ્લામાં ૨૬,૯૨૧ હજાર લોકો છે. તો અમદાવાદ જિલ્લામાં ૨૬,૬૨૮, આણંદ જિલ્લામાં ૨૨,૫૧૫ અને રાજકોટ જિલ્લામાં ૧૮૯૭૭ હોવાનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો છે. તો બીજી તરફ, લાખો યુવાનોને નોકરી આપવાના રાજ્ય સરકારના દાવાઓ પોકળ સાબિત થયાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

સ્થાનિકોને ગુજરાતમાં રોજગાર આપવા મામલે મોટી કંપનીઓએ નિયમોનો ભંગ કર્યાનો પણ સરકારે વિધાનસભામાં સ્વીકાર કર્યો છે. સરકારી આંકડા મુજબ, અમદાવાદ શહેર-જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં ૩.૫૦ લાખથી વધુ સ્થાનિકોને રોજગારી મળી છે. વર્ષ ૨૦૨૦માં ૧,૭૮,૭૭૩ સ્થાનિકોને રોજગારી અપાઈ છે. વર્ષ ૨૦૨૧માં ૧,૯૭,૩૦૨ સ્થાનિકોને રોજગારી અપાઈ છે. પરંતુ વર્ષ ૨૦૨૦ માં ૧૬ એકમોએ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. વર્ષ ૨૦૨૧ માં ૧૮ એકમોએ આ નિયમોનો ભંગ કર્યો છે. જેમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, સુઝુકી મોટર, ફોર્ડ ઈન્ડિયા, ટાટા મોટર્સ, કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા જેવા મોટા એકમોનો સમાવેશ થાય છે. સરકારના શ્રમ રોજગાર વિભાગે આવા એકમોને પત્ર પાઠવી નિયમોના અમલ માટે જાણ કરી છે. રોજગાર ભરતી મેળા યોજી વધુ રોજગાર આપવા પ્રયાસ કર્યા છે. આવા એકમો સામે કાર્યવાહી કરવા ઉદ્યોગ કમિશનર કચેરીને જાણ કરવામાં આવ્યાનો સરકારે લેખિત જવાબ આપ્યો છે.

એક તરફ બેરોજગારીનો આંકડો આપીને રાજ્ય સરકાર ખુદ સ્વીકારી રહી છે કે, ગુજરાતમાં સરકારી નોકરીમાં ભરતી કરવામાં પણ સરકારને કોઈ રસ નથી. રાજ્યમાં માર્ગ મકાન વિભાગની જિલ્લા કચેરીઓમાં ૫૦% કરતા વધુ જગ્યાઓ ખાલી હોવાનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો. સાથે જ વર્ગ-૧ ની ૨૦, વર્ગ-૨ ની ૫૦૩, વર્ગ-૩ ની ૨૮૮૨ અને વર્ગ-૪ ની ૫૭૧ જગ્યાઓ ખાલી પડી છે. માર્ગ મકાન વિભાગની જિલ્લા કચેરીઓમાં ૩૬૭૫ જગ્યાઓ ભરાયેલી છે, જેની સામે ૩૯૭૬ જેટલી જગ્યાઓ ખાલી છે. માત્ર અડધા સ્ટાફથી ચાલતી કચેરીઓ માર્ગ મકાનના કામો કેટલી ઝડપથી અને કેવા કરતી હશે તેવો સવાલ કોંગ્રેસે ગૃહમાં ઉઠાવ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ પૂછેલા પ્રશ્નોમાં સરકારે લેખિતમાં જવાબ આપ્યો છે. જેમાં ખુદ સરકારના દાવાની પોલ ખૂલી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ નગરમાં ટ્રાફિક જામના દ્રશ્યો : વાહન ચાલકો પરેશાન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં હાલ જ્યાં જુઓ ત્યાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા છે. તેનું મુખ્ય કારણ એ પણ છે કે, શહેરમાં હાલ ઠેર ઠેર સ્માર્ટ સીટી અંતર્ગત પાઈપ લાઈન નાંધવાની કામગીરી ચાલી રહી છે. જેને પગલે શહેરમાં ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાઈ રહ્યાં છે. ત્યારે બીજી તરફ હોળી, ધુળેટી જેવા તહેવારોમાં શહેરમાં વધુ પડતા ટ્રાફિક જામના દ્રશ્યોને કારણે એક્શનમાં આવેલ દાહોદ ટ્રાફિક પોલીસ દ્વારા આડેધડ પાર્ક કરવામાં આવતાં ટુ વ્હીલર વાહનોને ટોઈંગ કરી વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી રહ્યાં છે.

દાહોદ શહેરના પડાવ રોડથી લઈ સ્ટેશન રોડ સુધી સ્માર્ટ સીટી અંતર્ગત પાઈપ લાઈન તેમજ અન્ય વિગેરે કામગીરી અંતર્ગત ખોદકામ ચાલી રહ્યાં છે. બીજી તરફ હાલ હોળી અને ધુળેટી જેવા તહેવારોને લઈ દાહોદ જિલ્લાની આસપાસના ગ્રામીણ લોકો ખરીદી સહિત અન્ય કામકાજ માટે પણ શહેરમાં આવતાં જતાં હોય છે અને જેને પગલે શહેરમાં ટ્રાફિકનું ભારણ પણ વધ્યું છે અને જ્યાં જુઓ ત્યાં ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાઈ રહ્યાં છે. ટ્રાફિક જામના કારણે વાહન ચાલકો પણ ભારે હેરાન પરેશાન થઈ રહ્યાં છે. બીજી તરફ ઘણા વાહન ચાલકો પોતાના વાહનો આડેધડ પાર્ક પણ કરી દેતાં હોય છે. જેને પગલે પણ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાઈ રહ્યાં છે. ત્યારે ટ્રાફિકનું ભારણ ઓછુ કરવાના આશયે દાહોદ ટ્રાફિક પોલીસ દ્વારા આજરોજ શહેરમાં આડેધડ પાર્ક કરવામાં આવેલ ટુ વ્હીલર વાહનોને ટોઈંગ કરવામાં આવી રહ્યાં છે અને વાહન ચાલકો સામે લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. ટ્રાફિક પોલીસની કામગીરીને પગલે વાહન ચાલકોમાં ફફડાટ પણ જોવા મળ્યો હતો.

## દાહોદમાં સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતા કામોમાં

# મોટા પાયે ભ્રષ્ટાચાર થયાના આક્ષેપો સાથે સ્માર્ટ સિટીની કમિટીમાં સામેલ કરવા દાહોદ ધારાસભ્ય ની વિધાનસભામાં રજૂઆત

- દાહોદની સ્માર્ટ સીટી માટેની કમિટીમાં સ્થાનિક ધારાસભ્ય તરીકે સમાવેશ કરવા ધારાસભ્ય વજેસિંગ પણદાની માંગણી.
- કોરોના બાદ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ ખતમ થઈ ગયું છે : વજેસિંગ પણદા

દાહોદ,

વિધાનસભા ગૃહમાં આજે પૂરક માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં દાહોદ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય વજેસિંગભાઈ પણદાએ જણાવ્યું હતું કે, દાહોદ શહેર છેલ્લા પાંચ વર્ષથી સ્માર્ટ સીટી તરીકે જાહેર થયેલ છે. તેના માટે કરોડો રૂપિયા વપરાયા છે, પરંતુ આજે દાહોદ શહેર ચારેકોર ખાડા પાડીને ખોદી નાંખવામાં આવ્યું છે. દાહોદ સ્માર્ટ સીટી નહીં પરંતુ ખાડા સટી બની ગયું છે. સ્માર્ટ સીટીની કમિટી બની તેમાં વિસ્તારના સ્થાનિક ધારાસભ્ય તરીકે મારો સમાવેશ થવો જોઈતો હતો પરંતુ ઈરાદાપૂર્વક મને બહાર રાખવામાં આવ્યો. છાબ તળાવ બનાવવા માટે રૂા.૧૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. તો શું સોનાનું તળાવ બનાવવાનું છે કે શું ? આટલી રકમમાંથી તો આવા ૧૦ તળાવ ખોદાઈ જાય. સ્માર્ટ સીટીના નામે ૧૦-૧૦ ફુટે સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે અને આ સાઈન બોર્ડમાં પણ મોટાપાયે ભ્રષ્ટાચાર થયો છે. સંકલન સમિતિમાં કઈ કંપનીઓને કયા પ્રોજેક્ટના કામ સોંપાયા ? કેટલા કામ પૂર્ણ થયા ? કેટલા કામ બાકી છે ? એજન્સીની સમયમર્યાદા કેટલી છે ? વગેરે પ્રશ્ન પૂછાય તો અધિકારીઓ જવાબ આપતા નથી. દાહોદની સ્માર્ટ સીટી માટેની કમિટીમાં વિસ્તારના સ્થાનિક ધારાસભ્ય તરીકે સમાવેશ કરવા વજેસિંગ પણદાએ માંગણી કરી હતી.

બે વર્ષ અગાઉ લોકડાઉન જાહેર કરવામાં આવેલ. રાજ્યના ખૂણેખૂણેથી દાહોદ જિલ્લાના આદિવાસીઓ પગપાળા ચાલતા વતનમાં આવેલા, તેમાન પગલાં છાલા પડી ગયા, રખડતા થઈ ગયા અને રડતા થઈ ગયા છે. છતાં સરકારે કોઈ સુનવાઈ કરી નથી. દાહોદ જિલ્લામાં કોરોનામાં અઢી-ત્રણ હજાર લોકોના મૃત્યુ થયા. તેમાં પણ કેટલાય મૃતકોના પરિવારજનોને આજદિન સુધી રૂા.૫૦ હજારની સહાય પણ ચૂકવવામાં આવી નથી. લોકડાઉન જાહેર થયા બાદ આદિવાસી વિસ્તારમાં ઓનલાઈન શિક્ષણ શરૂ થયું. પરંતુ મોબાઈલ નેટવર્ક ન પકડાય, મોંઘા સ્માર્ટ ફોન ન હોય ત્યારે ઓનલાઈન શિક્ષણ ક્યાંથી શક્ય બને ? આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ ખતમ થઈ ગયું છે.

વનબંધુ કલ્યાણ યોજનાની વાતો થાય છે, પરંતુ દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં કોઈ સુવિધા નથી. લોકો આજે પણ શિક્ષણ માટે વલખા મારે છે. પાણી માટે વલખા મારે છે, સિંચાઈના પાણી માટે વલખા મારે છે. હવે વનબંધુ કલ્યાણ યોજના ફેઝ-૨ આવે છે. હવે ફેઝ-૨માં શું થાય છે ? એ ભગવાન જ જાણે.

આદિવાસી વિસ્તારોમાંથી જુદા-જુદા પ્રોજકટો બનાવીને આદિવાસીઓની જમીન પડાવી લેવાનું સરકારનું ષડયંત્ર છે અને તેમાં પણ એકને ખોળ અને બીજાને ગોળ. વલસાડમાં આદિવાસીઓને બુલેટ ટ્રેનનો જુદો ભાવ અને દાહોદ જિલ્લામાં આદિવાસીઓને જુદો ભાવ. આદિવાસીઓ પાસેથી સસ્તા ભાવે જમીન પડાવી લેવામાં આવે છે. આદિવાસીઓ જમીનના બદલે જમીન જ માંગશે નહીંતર આંદોલન કરતા-લડાઈ કરતા વિચારશે નહીં.

# દાહોદ સિંધી પંચાયતનું સ્નેહમિલન સમારોહ યોજાયો

દાહોદ,

દાહોદ શહેરના પ્રસંગ પાર્ટી પ્લોટ ખાતે પૂજ્ય સિંધી પંચાયતનું સ્નેહ મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. લાલ સાંઈ ગ્રુપ દ્વારા આયોજિત આ સનેહ મિલન સમારોહમાં સિંધી સમાજના લાડ લુહાણા સિંધી સમાજ તેમજ સમસ્ત સિંધી સમાજના આગેવાનો, તેમજ કમિટીના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં લાંબા સમયથી વિલંબ માં પડેલી સિંધી સમજની કારોબારી જેમાં પ્રમુખ અને બે ઉપપ્રમુખ મંત્રી ખજાનચી સહીત કુલ ૧૭ લોકોએ કારોબારીને જવાબદારી સોંપવામાં આવી હતી. સિંધી સમાજ દ્વારા મહિલાઓના શશકિતકરણમાં મહત્વનો ભાગ ભજવવા માટે સિંધુ શકિત સંગઠનની રચના કરવામાં આવી હતી. સમાજમાં નવનિયુક્ત થયેલા પ્રમુખ ગુલશન બચ્ચાનીએ સોશિયલ મીડિયામાં ચાલતી બદીઓને પોતાના ટીનેજર્ષ બાળકોને દૂર રાખવા. સમાજમાં ભણતર પર ભાર મુકવા. આજના આધુનિક યુગમાં સિંધી સમાજની મૂળભૂત પરંપરાઓ જાળવી ભાવી પેઢીને પોતાની પરંપારઓના સંસ્કાર આપવા. સમાજના સારા તેમજ ખરાબ પ્રસંગોમાં જરૂરિયાત મંદ પરિવારોને સાથ સહકાર આપવા તેમજ સંત લીલાશાહ સિંધી ધર્મ શાળા બનાવવા માટે સમસ્ત સમાજને ઉધારભાવે સહકાર આપવા માટે આહવાન કરી સમાજને નવી દિશા તેમજ નવી ઊંચાઈએ લઈ જવા બાંહેધરી આપી હતી. સાથે સાથે સમાજના અગ્રણીઓનું તેમજ વડીલો, કમિટીના સભ્યો તેમજ મહિલા કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# સંજેલીમાં ગટરલાઈન અને રસ્તાના કામો બંધ કરાતા રજુઆત

સંજેલી,

સંજેલીમાં હાલ ચાલી ફળિયામાં ગટરલાઈન તેમજ રસ્તાનુ કામકાજ માથાભારે તત્વો દ્વારા દબાણ કરતા બંધ હતુ. સ્થાનિકો દ્વારા રસ્તા પર અંદાજે ૧૦ ફુટ જેટલુ દબાણ કરવામાં આવ્યુ છે. તથા કોન્ટ્રાકટર દ્વારા એકબાજુ જગ્યા વધારે છોડીને ગટરલાઈન બનાવી છે. જયારે સામેની બાજુ પર લોકોના ઘટના ઓટલા તોડીને ગટર બનાવતા ચાલી ફળિયાના રહેવાસી પંકજ કાંતિલાલ શાહ દ્વારા લેખિત અરજી દ્વારા જાણ કરી છે કે રસ્તો માપ પ્રમાણે બનાવવામાં આવે અને દબાણ ખુલ્લુ કરવામાં આવે, રેકર્ડ મુજબ માપણી કરી દબાણ હટાવી રસ્તો તેમજ ગટરલાઈન બનાવવામાં આવે તેમ જણાવ્યુ હતુ. તેઓની અરજીને ધ્યાને લઈને સંજેલી મામલતદાર પી.આઈ. પટેલ, ટી.ડી.ઓ.એસ.કે. ગાવિત, પી.એસ.આઈ.જી.બી. રાઠવા, સરપંચ મનાભાઈ તેમજ પંચાયતના સભ્યો તેમજ તાલુકા પંચાયત સ્ટાફ તથા સ્થાનિકો હાજર રહ્યા હતા. સ્થાનિકો અને તંત્ર દ્વારા જુના માપ પ્રમાણે માપણી કરવામાં આવી હતી અને સર્વાનુમતે દબાણ હટાવવા માટે ખાતરી આપવામાં આવી હતી.

# દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં આંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

દાહોદ જિલ્લામાં ઠેર ઠેર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા વિકા કોસ અધિકારી નેહાકુમારીના અદયક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. તેઓએ પોતાના બાળપણથી માંડી હાલ સુધીના તેમના અનુભવો અને વિચારો સાહજ રીતે રજુ કર્યા હતાં. ખાસ કરીને તેમણે આજના ટેકનોલોજીના જમાનામાં પણ સ્ત્રી, પુરૂષ વચ્ચેનો જે ભેદભાવ છે તે દુર કરવા પર ભાર મુક્યો હતો. દાહોદ ઝાયડસ હોસ્પિટલના સી.ઈ.ઓ. ડૉ. સંજય કુમારે પણ જણાવ્યું હતું કે, સમાજના વિકાસમાં સૌથી મહત્વનો ફાળો મહિલાઓને રહેશે તેના ઉદાહરણ રૂપે કોવિડ કાળમાં મહિલા તબીબો અને અન્ય પેરામેડીકલ સ્ટાફની મહિલા કર્મચારીઓ દ્વારા બજાવેલી ફરજોને બીરદાવી હતી. આ પ્રસંગે ઝાયડસ મેડીકલ કોલેજના સીનીયર મેનેજર હેતલ રાવ વિશે પણ પ્રંશસા કરીને તેઓની કાર્યશૈલીને વખાણી હતી. આભાર દર્શન ઝાયડસ મેડીકલ કોલેજના ડીન ડૉ. સી.બી. ત્રિપાઠીએ કરી હતી. તેઓએ પણ નારી શકિતના ઉદાહરણો આપ્યાં હતાં. આ પ્રસંગે ઝાયડસ હોસ્પિટલના સી.ઈ.ઓ. પ્રો. ડૉ. સંજયકુમાર, ડીન સી.બી. ત્રિપાઠી, મેડીકલ સુપ્રિરિટેન્ડ ડૉ. ભરત હઠીલા, જનરલ મેનેજર પ્રકાશ પટેલ, એચ.આર. મેનેજર કારણ શાહ, સીનીયર મેનેજર હેતલ રાવ તેમજ મોટી સંખ્યામાં મહિલા તબીબો, નર્સીંગ સ્ટાફ મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## કલોલ પાસેના રકનપુર ખાતે પિતા પુત્રની ૨૧ કરોડની ફેક્ટરી ઓસ્ટ્રેલિયન ભાગીદારોએ પચાવી

કલોલ,

કલોલ પાસેના રકનપુર ખાતે આવેલ ગ્લોબલ ગોલ્ડ ચેનસોલ્યુશન કંપની ના સંચાલકોસાથે ઓસ્ટ્રેલિયાના ભાગીદારોએ છેતરપિંડી આચરી અનેકંપની ઉપર કબ્જોકરી લીધો હતો. આ બાબતે મળતી માહિતી અનુસાર અમદાવાદમાં રહેતા યશ કેતનભાઈ અજમેરાકલોલ તાલુકાના રકનપુર ગામે ગ્લોબલ ગોલ્ડ ચેનસોલ્યુશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ નામનીકંપનીચલાવે છે આ કંપનીમાં દવાઓ ઠંડી રાખવા માટેનુપેકિંગ બનાવવામાં આવતું હતુ અને આ કંપનીમાં યસ કેતનભાઈ અજમેરા તથા કેતનભાઈ અજમેરા સિવાય ઓસ્ટ્રેલિયામાં રહેતા શખ્સો ભાગીદાર હતા જેમાં તેઓનો હિસ્સો ૫૦% ટકા હતો ઓસ્ટ્રેલિયામાં રહેતા ભાગીદારોએ પિતા પુત્રસાથે છેતરપિંડી આચરી હતી. તેમના કંપનીના ઈમેલ વગેરે બ્લોક કરીને પોતાની રીતે જ વેપાર કરતા હતા અને ઓસ્ટ્રેલિયાના ભાગીદારોએ કંપનીના ૫૦ ટકા શેર કરી દઈ જે શુંરૂનક્રિશ્નન કંપનીના ડિરેક્ટર બન્યા હતા તે પછી તેમણે કંપની પોતાના હસ્તગત કરી લીધી હતી અને પોતાના માણસો લાવીનેકંપનીનું કામકાજ કરવા લાગ્યો હતો જે કંપનીની પોલીસી વિરુદ્ધ હતુ આ કંપનીમાં ધંધો કરવા એક ઈમેલ અને પાસવર્ડ પણ તેને મનસ્વી રીતે બદલી ધંધો કરવા માંડયો હતો જે બાબતથી પિતા-પુત્ર અજાણ હતા અને ભાગીદારોએ કંપનીમાંથી બારોબાર રૂપિયા ઉપાડી લીધા હતા. યસ અજમેરાને કંપનીમાં પ્રવેશ કરતો અટકાવ્યો હતો જેથી તેઓએ પોલીસ મથકમાં કંપની ઊભીકરનાર પિતા-પુત્રની હાંકી કાઢી વસાવેલી ચારકરોડની મશીનરી તેમજ દોઢ કરોડનો માલ તેમજ અન્ય એકાઉન્ટ જમારોકડા રૂપિયા ૨૧ કરોડ આઠ લાખની ઉચાપત અને છેતરપિંડીની ફિયાદ સાંતેજ પોલીસમથકમાં નોંધાવી હતી. પોલીસે યસ અજમેરાની ફિયાદના આધારે એન્ડ્રૂ તથા આર્નોલ્ડ જ્યોર્જ અને રોશેલસ્વરીસ તથા મેરી ડેવિડ આર્નોલ્ડ જ્યોર્જ અને એડરિયાના મિલેના તથા મેથ્યુ વિલ્સન અને સિદ્ધાર્થ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદમાં બેવડી ઋતુના અહેસાસ વચ્ચે ધીમા પગે ઉનાળાની ગરમીનું આગમન

દાહોદ,

ઉનાળાની ઋતુનો આરંભ થઈ ચુક્યો છે. બપોર બાદ ગરમીનો અહેસાસ પણ થવા લાગ્યો છે, પરંતુ વહેલી સવારે અને મોડી રાત્રીના સમયે ગુલાબી ઠંડીને કારણે લોકોને બેવડી ઋતુનો પણ આભાસ થઈ રહ્યો છે. ગઈકાલે વાદળ છાયુ વાતાવરણ હતું. જેને પગલે બપોરે લોકોને ગરમીથી રાહત મળી હતી પરંતુ આજે ફરી બપોર બાદ સુર્યનારાયણે પ્રકોપ બતાવતાં લોકો ગરમીથી હેરાન પરેશાન પણ થતાં જોવા મળ્યાં હતાં.

હોળી સુધી લગભગ ગરમી જોર પકશે અને આ વખતે ગરમી અને તાપ સખત પડશે તેવું પણ કહેવાઈ રહ્યું છે. ગરમીના પ્રારંભ સાથે લોકોએ ટોપી, ચશ્માનો સહારો લેતાં જોવા મળ્યાં હતાં. શીયાળાની ઋતુમાં પંખા, એસી, અને કુલર બંધ પડ્યાં હતાં તેને પણ લોકોએ હવે ચાલુ કરી દીધાં છે. ગરમ વસ્ત્રો પણ ધોઈને અવેરી લીધાં છે પરંતુ દાહોદમાં હાલ પણ ગુલાબી ઠંડી જોવા મળી રહી છે. જેમાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીની અસર જોવા મળે છે અને બપોર બાદ ગરમીનો અહેસાસ થતાં લોકોને બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. બપોરની ગરમીના કારણે લોકો પરશેવે રેબઝેબ થઈ રહ્યાં છે. માત્ર આ ગરમી અને તાપ તો શરૂઆતની છે. ત્યારે એપ્રીલ, મે અને જુનની ગરમી કેવી રહેશે તે વિચારી પણ લોકો ધ્રુજી ઉઠે છે. આ વખતે ગરમી અને તાપનું પ્રમાણ વધુ રહેશે તેવું પણ હવામાન વિભાગ દ્વારા કહેવાઈ રહ્યું છે. ખાસ કરીને ખેતીકામ કરતાં ખેડુત મિત્રો ભર ગરમી અને ભરબપોરે પાક વાઢતા પણ જોવા મળી રહ્યાં છે.

#### સંવેદન અને ગતિશીલ સરકારનો મહત્વનો ફેંસલો

## ૫૦ તાલુકાઓમાં રૂા.૩૦માં ચણા અને ૭૦ લાખ ગરીબ કુટુંબોને ૫૦ રૂા.માં તુવેરદાળ વિતરણ થશે

દે.બારીયા,

અન્ન નાગરિક પુરવઠા વિભાગના માટે નવા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધરાવનારા ૬૦ લાખ કુટુંબો માટે રૂા.૧,૫૨૬ કરોડની જોગવાઈ કરતા નાણાં મંત્રીએ કહ્યું તેની સબસીડીની રકમ બમણી કરી દેવાશે. રૂા.૫૦ના ભાવે એક કિલો તુવેરદાળનું વિતરણ કરાશે. જ્યારે માસે કાર્ડ દીઠ રૂા.૩૦ના ભાવે એક કિલો ચણાનું વિતરણ કરવા માટે ૨૭૫ કરોડ કરી સબસીડી જાહેર કરી છે.

રાજયમાં NFSA રેશનકાર્ડ ધરાવનારા ૭૦ લાખ ગરીબ પરિવારોના માટે રૂા.૫૦માં તુવેરદાળનું વિતરણ કરવાનું આયોજન છે. રૂા.૨૫૦ કરોડની જોગવાઈ કરી છે. ઉપરાંત પણ વિકાસશીલ તાલુકાઓમાં એક કિલો ચણાનું વિતરણ રૂા.૩૦ના ભાવે દર મહિને દર મહિને કરવામાં રૂા.૫૦ કરોડની સબસીડી ચુકવવામાં આવશે. તેમજ એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધરાવતા ૭૦ લાખ ગરીબ પરિવારો માટે રેશનની પંડિત દીન દયાલ ઉપાધ્યાયની દુકાનો ઉપર થી સિંગલ ફોર્ટીફાઈડ મીઠું ૧ રૂપીયે કિલોના ભાવે મળશે. જેના માટે રૂા. ૭૬ કરોડની સબસીડીની જોગવાઈ કરી છે અને સરકાર ચુકવશે.

# લીમડી પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબિંગના ગુનામાં વોન્ટેડ આરોપીને પોલીસ ઝડપ્યો

દાહોદ,

લીમડી પોલીસ મથકમાં દાખલ લેન્ડ ગ્રેબિંગના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો સારમારીયા ગામના આરોપી લીમડી બજારમાં આવ્યો હોવાની બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી ઝડપી પાડ્યો હતો.

વિજયસિંહ ગુર્જરે નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ વધુમાં વધુ પકડી પાડવા જરૂરી સુચનાઓ આપતા સીપીઆઈ બી.આર.સંગાડાના માર્ગદર્શનમાં લીમડી પી.એસ.આઈ.એમ.એલ. ડામોર તથા સ્ટાફના વિપુલભાઈ મંગળાભાઈ, શૈલેષભાઈ કસનભાઈ, પ્રદિપભાઈ નટુભાઈ, ધનંજયભાઈ સમુભાઈ, મહેશભાઈ અશોકભાઈ સહિતના લીમડી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન લીમડી પોલીસ મથકમાં દાખલ લેન્ડ ગ્રેબિંગના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી સારમારીયા ગામના ભાગોળ ફળિયાનો રસીકભાઈ વેલજીભાઈ વસૈયા લીમડી બજારમાં આવ્યો હોવાની બાતમી મળી હતી જેના આધારે પી.એસ.આઈ તથા સ્ટાફે વોચ ગોઠવી આરોપીને લીમડી બજારમાંથી ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલા આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદ જિલ્લા અને તાલુકા કક્ષાની અદાલતોમાં આગામી તા.૧૨ માર્ચે નેશનલ લોક અદાલત યોજાશે

દાહોદ,

આગામી તા. ૧૨ માર્ચ, શનીવારે દાહોદ જિલ્લા ન્યાયાલય અને તાલુકા કક્ષાની અદાલતોમાં નેશનલ લોક અદાલત યોજાશે. જેમાં ચેરમેન એન્ડ પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, જિલ્લા અદાલત, દાહોદનાં અદયક્ષ સ્થાને અને તાલુકા કક્ષાએ દેવગઢ બારીયા, લીમખેડા, ઝાલોદ, ગરબાડા, ધાનપુર, ફતેપુરા, સંજેલી કોર્ટોમાં લોક અદાલત યોજાશે. લોકઅદાલતમાં કેસોની ઝડપી નિકાલ આવે છે અને વળતર અરજીના કિસ્સામાં અરજદારને વળતરનાં નાણાં ઝડપથી મળે છે.

# ગરબાડાના અભલોડ ગામે છોકરી સાથે વાત કરવા મામલે ધીંગાણું થતાં બે વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામે છોકરી સાથે વાતચીત કરવા મામલે અને અગાઉના ઝઘડાની અદાવતે બે પક્ષો વચ્ચે થયેલ મારામારીના બનાવોમાં બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી તેમજ ઘરમાં તોડફોડ સહિત ભારે ધિંગાણું મચતાં પંથકમાં ભયનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો.

ગરબાડા તાલુકાના અભલોડ ગામે ગામતળ ફળિયામાં રહેતાં યુવરાજકુમાર ભરતભાઈ ભરવાડે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ગત તા.૦૮મી માર્ચના રોજ ગામમાં રહેતાં કનૈયાભાઈ હીરાભાઈ રાઠોડ, પંકજભાઈ ચુનીયાભાઈ નગોતા, રોનકભાઈ હીરાભાઈ રાઠોડ, પીન્કેશભાઈ સુરેશભાઈ ગળીયા અને શૈલેષભાઈ નારણભાઈ નગોતા દ્વારા છોકરી સાથે વાતચીત કરવા મામલે ગેરકાયદે મંડળી બનાવી યુવરાજભાઈના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તુ મારી સગાઈ કરેલ છોકરી સાથે કેમ વાતચીત કરે છે, તેમ કહી એકદમ ટોળુ ઉશ્કેરાઈ જઈ યુવરાજભાઈને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત યુવરાજભાઈ ભરતભાઈ ભરવાડે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે સામાપક્ષેથી ગરબાડા તાલુકાના અભલોડ ગામે ગામતળ ફળિયામાં રહેતાં હિરાભાઈ રામાભાઈ રાઠોડે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ગત તા. ૦૮મી માર્ચના રોજ ગામમાં રહેતાં ધનજીભાઈ સેવાભાઈ નગોતા, ભારતભાઈ ધનજીભાઈ નગોતા, અમરાભાઈ સેવાભાઈ નગોતા, ઉમેશભાઈ ધનજીભાઈ નગોતા, યુવરાજભાઈ ભરતભાઈ નગોતા, નારણભાઈ સેવાભાઈ નગોતા, જેસીંગભાઈ રૂપાભાઈ નગોતા, શૈલેષભાઈ જેસીંગભાઈ નગોતા, ઉમેશભાઈ પ્રતાપભાઈ નગોતા, બાબુભાઈ રૂપાભાઈ નગોતા, હરેન્દ્રભાઈ બાબુભાઈ નગોતા અને પ્રેમજીભાઈ કચરાભાઈ નગોતાનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી હીરાભાઈના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી અગાઉના ઝઘડાની અદાવત રાખી ઘરમાં ટોળુ ઘુસી જઈ તોડફોડ કરી હીરાભાઈને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં આ સંબંધે ઈજાગ્રસ્ત હીરાભાઈ રામાભાઈ રાઠોડે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસને લઈ શુક્રવારે વિધાનસભાની બેઠક યોજાશે નહીં

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧મી થી બે દિવસના ગુજરાત પ્રવાસને લઈને શુક્રવારે વિધાનસભાની બેઠક નહીં મળે. વિધાનસભાની પરંપરા મુજબ શુક્રવારે બજેટની એક જ બેઠક હોય છે. જોકે આ સત્રમાં નરેન્દ્રભાઈ ગુજરાત આવવાના હોવાથી શુક્રવારે એક દિવસની રજા રાખવામાં આવશે. જેની જગ્યાએ આગામી ૧૬ માર્ચે બે બેઠકો મળશે.

વિધાનસભાના સૂત્રોના જણાવ્યા મુજબ આગામી શુક્રવારે ૧૧ મી એ દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ગુજરાત આવી રહ્યા છે. જીએમડીસી ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે આયોજિત સરપંચ સંમેલન કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહેવાના છે તો બીજી તરફ ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર નું આખું પ્રતિનિધિ મંડળ પણ સરપંચ સંમેલનમાં ઉપસ્થિત રહેશે જેના કારણે ૧૧ માર્ચ શુક્રવારે વિધાનસભાના બજેટ સત્રમાં રજા રાખવામાં આવશે અને ત્યારબાદ બીજો અને ચોથો શનિ રવિ હોવાથી સરકારી કામકાજમાં પણ રજા રહેશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.167

# વેજલપુર ગામમાં હડકાયા કૂતરાનો આતંક : ૩ બાળકો અને ૪ વ્યક્તિઓને બચકા ભર્યા


તસ્વીર : નુર બાલા, વેજલપુર

- વેજલપુર પી.એચ.સી.માં નર્સ દ્વારા કૂતરા કરકડવાના ભોગ બનેલ દર્દીને ઈન્જેકશન ન મૂકતા ગોધરા સિવીલમાં લાંબુ થવું પડયું.
- વેજલપુર પી.એચ.સી.માં એક વર્ષથી ફાર્માસીસ્ટ ન હોવાથી દર્દીઓની કફોડી હાલત.
- વેજલપુર પી.એચ.સી.સેન્ટરની આસપાસના ગામોના દર્દીઓને ગોધરા સિવિલ સુધી લંબાવવું પડે છે.
- વેજલપુર પી.એચ.સી.માં પુરતા સ્ટાફનો અભાવ.

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં હડકાયા કૂતરાનો આંતક એકજ દિવસમાં ૬ થી ૭ વ્યકિતઓને બચકાં ભરતા ગ્રામજનોમાં ડરનો માહોલ સર્જાયો છે. કૂતરાંએ બચકા ભરતા વેજલપુર પી.એચ.સી.સેન્ટરમાં પહોંચેલ લોકોના હાજર નર્સ દ્વારા ઈન્જેકશનનો સ્ટોક નથી. ઈન્જેકશન માટે ગોધરા સિવિલ સુધી લોકોને લાંબા થવાનો વારો આવ્યો હતો.

કાલોલ તાલુકાના વેજલપુર ગામના હડકાયા કૂતરાએ આંતક મચાવ્યો હતો. એક જ દિવસમાં ૬ થી ૭ વ્યકિતઓને હડકાયા કૂતરાંએ બચકા ભર્યા હતા. કૂતરા એ ગામમાં આતંક મચાવી લોકોને બચકાં ભરતા ગ્રામજનોમાં ડરનો માહોલ સર્જાવા પામ્યો હતો. કૂતરાના આંતકનો ભોગ બનેલ ઈજાગ્રસ્તો વેજલપુર પી.એચ.સી.સેન્ટરમાં સારવાર અર્થે ગયા હતા. ત્યારે પી.એચ.સી.સેન્ટરના નર્સ સરલા દ્વારા કૂતરા કરવાડાનો ભોગ બનેલ લોકોને ઈન્જેકશનનો સ્ટોક નથી. તેઓ ઓ.પી.ડી.ના સમયે આવ્યા નથી. તમારે ઈન્જેકશન મુકાવવું હોય તો ગોધરા સિવિલ હોસ્પિટલમાં જવું પડશે. વેજલપુર પી.એચ.સી.માં એક જાગૃત નાગરિક દ્વારા માત્ર બાળકને ઈન્જેકશન અપાવ્યું હતું. બાકીના તમામ લોકોને હડકવા પ્રતિરોધક ઈન્જેકશન મુકાવવા માટે ગોધરા સિવિલ સુધી લાંબા થવું પડયું હતું. વેજલપુર પી.એચ.સી.સેન્ટરમાં ફરજ બજાવતા નર્સ સરલા પોતાની ફરજનું ભાન ભુલીને ઈમરજન્સી દર્દીઓને બપોરનો સમય હોવાનું તેમજ ઓ.પી.ડી. સમયે આવ્યા નથી. તેમ કહીને કૂતરાનો ભોગ બનેલ દર્દીઓ સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કર્યુ હતું. વેજલપુર પી.એચ.સી.ના નર્સ દ્વારા ઈમરજન્સી સારવાર માટે આવેલ દર્દીઓને ઓ.પી.ડી.સમયે આવ્યા નથી. તેમ કહીને ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતાં જાગૃત નાગરિકે વિડીયો રેકોર્ડીંગ કરવામાં આવ્યું હતું. પી.એચ.સી. સેન્ટરમાં જાગૃત નાગરિક દ્વારા નર્સને પુછવામાં આવ્યું હતું કે, ઓ.પી.ડી. સમય વગર કોઈ ઈમરજન્સી દર્દી આવે તો આપના દ્વારા આવું જ વર્તન કરવામાં આવતું હશે તે દેખાઈ રહયું છે. વેજલપુર પી.એચ.સી.સેન્ટરમાં સરલા નર્સ દ્વારા ઈન્જેકશન સ્ટોક નથી. ત્યારે વેજલપુર પી.એચ.સી.સેન્ટરમાં આ બનાવના સમયે હડકવા વિરોધી ઈન્જેકશનના ડોઝ હતા કે કેમ તેની તપાસ કરવામાં આવે તેમજ દર્દીઓ સાથે કરવામાં આવેલ વર્તન અંગે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

### ગોધરા પશ્ચિમ વિસ્તારમાં લાંબા સમય બાદ

## રોડની કામગીરી શરૂ તેમાં પણ કોન્ટ્રાકટર દ્વારા હલ્કી ગુણવતાની કામગીરી કરાતી હોવાનો આક્ષેપ



ગોધરા પશ્ચિમ વિસ્તારના રોડ બનાવવાની ટેન્ડર પ્રક્રિયા પુરી થયા બાદ છેલ્લા ૬ મહિનાથી રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી રહી ન હતી. જેના કારણે સ્થાનિક રહિશો અને વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા હતા. અનેકવારની રજુઆતો બાદ પ્રશાસન દ્વારા ત્રણ મુખ્ય રોડની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ગોધરા, ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં લાંબા સમયથી અટકી પડેલ રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી છે પરંતુ રસ્તાની કામગીરી કરતા કોન્ટ્રાકટર દ્વારા રોડની કામગીરીમાં હલ્કી ગુણવતાવાળું મટીરીયલ્સ ઉપયોગ કરવાના આક્ષેપો સ્થાનિકો દ્વારા લગાડવામાં આવ્યા છે. હલ્કી ગુણવતાના આક્ષેપના મામલે તંત્ર દ્વારા યોગ્ય તપાસ કાર્યવાહી કરવાની ખાત્રી આપવામાં આવી છે.

ગોધરાના પશ્ચિમ વિસ્તારના મજાવર રોડ, સાતપુલ અને સિગ્નલ ફળીયા એમ કુલ ત્રણ મુખ્ય રસ્તા બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પાલિકા દ્વારા સરકારની વિવિધ યોજના અંતર્ગત ૩.૭૦ કરોડના ખર્ચે નવિન આ રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પશ્ચિમ વિસ્તારના હાલ જે ત્રણ રસ્તાઓની કામગીરી કરવામાં આવી રહી છે. યોગ્ય અને નિયમ અનુસાર મટીરીયલ્સનો ઉપયોગ કરવામાં આવતો ન હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. હલ્કી ગુણવતાવાળા રસ્તાની કામગીરીને સ્થાનિક પાલિકા સભ્યો દ્વારા રોડ બનાવવાનું કામ અટકાવવામાં આવ્યું છે. મજાવર રોડ ઉપર એશિયામાં બીજા ક્રમે આવતા સૌથી મોટા શેખ મુસ્લીમ કબ્રસ્તાન રોડની કામગીરીમાં કોન્ટ્રાકટર દ્વારા હલ્કી ગુણવતાવાળું મટીરીયલ્સનો ઉપયોગ કરીને રસ્તો બનાવવાની કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી રહી હોવાનો આક્ષેપ સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યો છે. પાલિકાના કોન્ટ્રાકટર દ્વારા નીતિ નિયમો નેવે મૂકી ટેન્ડરમાં દર્શાવવામાં આવેલ માલસામાનનો ઉપયોવ કરવામાં આવતો ન હોવાનું સામે આવ્યું છે. તેમાં પણ રોડ બનાવવાની કામગીરીમાં કોન્ટ્રાકટર મનમાની કરતા હોવાના વોર્ડ નં.૮ના સભ્યો આક્ષેપ કરી રહ્યા છે. પશ્ચિમ વિસ્તારના ત્રણ મુખ્ય રસ્તાની કામગીરી યોગ્ય મટીરીયલ્સનો ઉપયોગ કર્યા વગર વેઠ ઉતારવામાં આવતી હોવાની રજુઆત વિરોધ પક્ષના પાલિકા સભ્યો દ્વારા પ્રમુખ, પાલિકાના ઈજનેરને કરવામાં આવી છે. ગોધરા પાલિકાના સભ્યો દ્વારા કરવામાં આવેલ રજુઆતના પગલે ખાનગી ઈજારેદારને નોટીસ ફટકારી કાર્યવાહી કરવામાં જણાવાયું છે. પશ્ચિમ વિસ્તારના રસ્તાઓની કામગીરી નિયમો મુજબ કરવાની ખાત્રી આપવામાં આવી છે.

## શહેરા પોલીસ મથક સામેના ઢાકલીયા થી ભેંસાલ માર્ગ ખખડધજ બનતા વાહન ચાલકો પરેશાન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા પોલીસ મથકની સામેનો ઢાકલીયા અને ભેસાંલ તરફ જતો ડામર રોડ પાછલા કેટલાક મહિનાઓથી ખખડધજ હાલતમાં હોવાથી વાહનચાલકો તેમજ સ્થાનિક રહીશોને ભારે હાલાકી વેઠવી પડતી હોય છે. આ ડામર રસ્તો ૨૦થી વધુ ગામને જોડતો હોવા છતાં સબંધિત તંત્ર દ્વારા નવીન બનાવવામાં નહિ આવતા પસાર થતા વાહનચાલકોનો ભારે રોષ જોવા મળ્યો હતો.

શહેરા પોલીસ મથકના સામેથી ઢાકલિયા અને ભેસાંલ તરફ જતો રોડ છેલ્લા કેટલાક સમયથી ખખડધજ હાલતમાં છે. આ ડામર રસ્તો તાલુકાના ભેંસાલ, સુરેલી, ચોપડાખુર્દ, મંગલપુર, ખોજલવાસા ગામ સહિત ૨૦ ગામને જોડતો હોય તેમ છતાં સંબંધિત તંત્ર દ્વારા રસ્તો નવીન બનાવવાનો તો ઠીક પણ આ રસ્તાની મરામત કરવામાં પણ કોઈ રસ ના હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી આ રોડ પર મસમોટા ખાડા પડી ગયેલા હોવાથી આ રોડ ખખડધજ હાલતમાં જોવા મળી રહ્યો છે. ખખડધજ રોડને કારણે રોડ પરથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે, જેને લઈને તંત્ર દ્વારા રોડનું રીપેરીંગ કામ કરવામાં આવે અથવા નવીન રોડ બનાવવામાં આવે તેવી માંગ અહીંથી પસાર થતા વાહનચાલકો તેમજ આસપાસના સ્થાનિક લોકો કરી રહ્યા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં તૂટેલા રસ્તા નવીન બનાવવામાં આવતા હોય ત્યારે આ ૨૦ગામોને જોડતો રસ્તો હોવા છતાં તંત્ર દ્વારા નવીન રસ્તો બને તે માટે કેમ વિચારવામાં આવતું નથી તેવા અનેક સવાલો અહીંથી પસાર થતાં વાહનચાલકો માંથી ઉઠી રહયા છે.

## શહેરા પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય કેન્દ્ર ખાતે મહિલા દિનની ઉજવણી કરાઈ




શહેરા, શહેરા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારી દીદી દ્વારા અહી ઉપસ્થિત સૌ મહિલાઓને પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

શહેરામા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કેન્દ્ર ખાતે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિવસ નિમિત્તે અહી નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાંથી આવેલ મહીલાઓનુ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય કેન્દ્રના બ્રહ્માકુમારી રતન દીદી અને જયા દીદીએ પુષ્પગુચ્છ આપીને તેમને આવકારવામાં આવ્યા હતા. જ્યારે રતન દીદીએ સૌ મહિલાઓને મહિલા દિવસનું મહત્વ સમજાવા સાથે મહિલાઓ માટેની લાભકારક સરકારીની અનેક યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

## ગોધરા પાલિકાના સફાઈ કામદારોના ૪ માસના પગાર પેન્શનરોના પાંચ માસના પેન્શન ચુકવવામાં આવે તેવી માંગ સાથે સામાજીક કાર્યકર દ્વારા કલેકટરને રજુઆત

ગોધરા, ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારોના નિયમિત પગાર, પેન્શન આપવામાં આવે. ૭૦ કાયમી કામદારોના પગાર માંથી કપાત તેમજ પુરા પગારમાં લેવામાં આવે. ૩૬ કામદારોની ભરતી કરવી તેમજ પી.એફ.ના નાણાં જમા કરવા બાબતે સામાજીક કાર્યકર દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી ૭ દિવસમાં યોગ્ય નિકાલ કરવામાં આવે નહીં તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારો છેલ્લા ચાર માસનો પગાર બાકી નીકળતો હોય પેન્શન કર્મચારીઓ,છેલ્લા પાંચ માસનું પેન્શનનું ચુકવણું કરવામાં આવ્યું નથી. કર્મચારીઓને પગાર નહી મળતાં ઘર પરિવાર ચલાવવું મુશ્કેલ બન્યું છે. પેન્શનર કર્મચારીઓ વયોવૃધ્ધ હોય અને પેન્શનર ઉપર જીવન ગુજારતા હોય ત્યારે પાંચ મહિના સુધી પેન્શન ચુકવવામાં આવ્યું નથી. પરિણામે આવા માત્ર પેન્શન ઉપર નભતા પરિવારો કફોડી સ્થિતીમાં મુકાયા છે. ગોધરા પાલિકામાં ૭૦ કાયમી સફાઈ કામદારોના પગાર માંથી કપાત થાય કુલ પગારમાં લેવામાં આવે પાંચ વર્ષ પુરા થતા પુરા પગારે કર્મચારીને ગણવાના હોય સફાઈ કામદારોને ૬ વર્ષ જેવો સમયગાળો થયો હોવા છતાં પુરા પગારની કાર્યવાહી કરાઈ નથી. તે કરવામાં આવે પાલિકાને મળેલ મંજુરી મુજબ ૩૬ સફાઈ કામદારોની ભરતી કરવામાં આવે. વર્ષ ૨૦૧૬ થી આજદિન સુધી બાકી પી.એફ. પાલિકા ભંડોળમાં જમા છે. તે બાબત ખોટી છે. પી.એફ.ના નાણાંની ઉચાપત કરવામાં આવે તેના નિકાલ કરવામાં આવે તેવી માંગ સાથે સામાજીક કાર્યકર કમલેશ ચૌહાણ દ્વારા પંચમહાલ કલેકટરને લેખિત રજુઆત કરી ૭ દિવસમાં પગાર અને પેન્શનની રકમ ચુકવવામાં આવે તેવી માંગ મુકવામાં આવી છે. ૭ દિવસમાં યોગ્ય કાર્યવાહી ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે હડતાલ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## મોરાની જે. આર. દેસાઈ શૈક્ષણિક સંકુલમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી



શહેરા, ગુજરાત બાળવિકાસ મંડળ–મોરા અંતર્ગત શાળા, કોલેજમાં ફરજ બજાવતી તમામ મહિલા કર્મચારીઓનું યોગ્ય સન્માન કરવાના હેતુથી તાઃ ૦૮/૦૩/૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી કાર્યક્રમ અંતર્ગત મહેદી સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવ્યું તેમજ સંકુલમાં સફાઈકામદાર તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારીને સાડી આપીને સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે નિવૃત બાળ વિકાસ અધિકારી વસંતબેન પી. દેસાઈ હાજર રહ્યા. તેમના દ્વારા સ્ત્રી કેળવણી તેમજ સ્ત્રી સસક્તીકરણ વિશે દીકરીઓને સંબોધન કરવામાં આવ્યું. ગુજરાત બાળ વિકાસ મંડળના કેમ્પસ ડાયરેક્ટર દિનેશ સુરેશ ભદાણે દ્વારા સ્ત્રી માટે શિક્ષણનું મહત્વ તેમજ ભારતીય મહિલાઓએ કરેલ કાર્ય વિશે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું. તદુપરાંત સંસ્થાનાં પ્રમુખ પુરણ કુમાર જે. દેસાઈ દ્વારા કાર્યક્રમને સફળ બંનાવવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યા.

## હાલોલ તાલુકાના ભાજપ પ્રમુખના દારૂની મહેફીલ માણતો વિડીયો વાયરલ



હાલોલ, હાલોલ તાલુકા બીજેપી પ્રમુખનો કથિત વિડીયો વાયરલ થયો છે. દારૂની મહેફીલ માણતા હોય તેવા વિડીયો સામે આવ્યો છે. વિડીયોમાં કોંગ્રેસ સમર્થન સરપંચોને કામ નહી આપવા ચર્ચા થઈ રહી છે. હાલોલ તાલુકામાં ભાજપના નેતાઓ વિવાદમાં સપડાતા ચર્ચાનો વિષય બન્યો છે.

હાલોલ તાલુકા બીજેપી પ્રમુખ પ્રવિણસિંહ પરમારનો કથિત વિડીયો વાયરલ થયો છે. વિડીયોમાં પ્રમુખ દારૂની મહેફીલ માણતા હોવાનું જણાઈ રહ્યું છે. દારૂની મહેફીલ માણતા હાલોલ તાલુકા બીજેપી પ્રમુખ વિડીયોમાં હાલોલ તાલુકામાં કોંગ્રેસ સમર્થક સરપંચ અને ગ્રામ પંચાયતોને વિકાસના કામો નહિ આપવા તેમજ તલાટીઓની બદલી કરવાની ચર્ચા કરતા જણાઈ રહ્યા છે. હાલોલ તાલુકા ભાજપા પ્રમુખના કથિત વિડીયો વાયરલ થતાં ચર્ચા એરણે છે. તાલુકા પ્રમુખ તાલુકા પંચાયત કચેરીમાં દારૂની મહેફીલ માણી રહ્યા હોય તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ વિડીયો જુના પણ હોય શકે છે પરંતુ સોમવારના રોજ તાલુકા પંચાયત કચેરીમાં આઈ.ટી.આઈ. એકિટવિસ્ટને થપ્પડ મારવાના કિસ્સા બાદ ભાજપનો તાલુકા પ્રમુખ દારૂની મહેફીલ માણતો વિડીયો વાયરલ થતા હાલ હાલોલ તાલુકામાં ભાજપના નેતાઓ સોશ્યલ મીડીયામાં ચર્ચાનો વિષય બન્યો છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નદીસર ગામે માછી સમાજ ઉત્કર્ષ મંડળ દ્વારા માછી સમાજ મહિલા સંમેલન યોજવામાં આવ્યું



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર, માછી સમાજ ઉત્કર્ષ મંડળ નદીસર દ્વારા માછી સમાજની મહિલાઓ માટે મહિલા સંમેલન યોજવામાં આવ્યું. આ સંમેલનમાં સમાજની ૨૦૦ ઉપરાંત બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો. મહિલા સંમેલન હોવાથી સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહિલા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સમાજની કર્મચારી બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજની ત્રણ દીકરીઓ પી.એચ.ડી. કરતી હોવાથી તેમનું પણ સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. ધોરણ ૭માં અભ્યાસ કરતી દીકરીએ આંતરરાષ્ટ્રીય મહિલા સંમેલન સંદર્ભે પોતાનું મનનીય વકતવ્ય રજૂ કર્યું હતું. સૌએ તેને પ્રોત્સાહિત કરી હતી. સમાજના ઉત્કર્ષમાં બહેનોની ભૂમિકા તેમજ સમાજના પ્રવર્તમાન કુરિવાજો વિશે વિશદ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. પ્રથમવાર મહિલા માટે યોજાયેલ આ સંમેલનમાં સમાજની મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઈ આવા સંમેલન અવાર નવાર યોજવા રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમમાં પૂર્વ સરપંચ રેખાબેન, સમાજના અગ્રણી મહિલા વિજયાબેન, મંડળના પ્રમુખ તેમજ હોદ્દેદારોએ હાજર રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. સમાજના વરિષ્ઠ નાગરિક રમણભાઈના આશિર્વચનથી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ઘોઘંબાના રીંછવાણી ગામેથી ઈંગ્લીશ દારૂ સાથે ઈસમને ઝડપી પાડયો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામે બાવા ફળીયામાં ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ કવાટરીયા અને બીયર મળી ૪૦૯૦/–રૂપીયાનો દારૂ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામે બાવા ફળીયામાં રહેતા મુકેશ ગોપાલભાઈ બારીયાના પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે કવાટરીયા તથા બીયર કિંમત ૪૦૯૦/– રૂપીયાનો દારૂનો જથ્થો સાથે ઝડપી પાડવામાં આવ્યો. જયારે પ્રવિણ રંગીતભાઈ બારીયા પાસેથી મુદ્દામાલ મેળવી એકબીજાની મદદગારી કરતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.